સુવિચાર
અભિમાન કહે છે કે કોઇની જરૂર નથી
અનુભવ કહે છે કે ધૂળની પણ જરૂર
પડે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ઓપરેશન સિંદૂરના પગલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ સ્ટાફની રજા રદ P-4

Year-16, Issue-28 ■ DATE : 10-05-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# ભારતનો પાકિસ્તાનના ૮ લશ્કરી થાણા પર હુમલો



## પાકિસ્તાનના ચાર એરબેઝને ઉડાવી દેવાયાઃ મિસાઈલ હુમલા-ધડાકાઓની ગુંજઃ પાકિસ્તાને ઉતાવળમાં ભારત ઉપર 'ફતેહ' મિસાઈલ છોડી તો ભારતે બેલેસ્ટિક મિસાઈલોનો મારો ચલાવ્યો

## કચ્છમાં પાકિસ્તાનના ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યોઃ જમ્મુ અને કાશ્મીરના ઉરીમાં પાકિસ્તાની ગોળીબારમાં ઘરો અને મિલકતોને ભારે નુકસાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શુક્રવારે રાત્રે થયેલા હુમલા બાદ ભારતે પાકિસ્તાનનાં આઠ લશ્કરી ઠેકાણાં પર હુમલો કર્યો. કર્નલ સોફિયા કુરેશીએ પ્રેસ-કોન્ફરન્સમાં આ માહિતી આપી.

બોર્ડર સિક્યોરિટી ફોર્સે શનિવારે એક વીડિયો જાહેર કર્યો. એમાં પાકિસ્તાનના સિયાલકોટમાં આતંકવાદી લોન્ચપેડના ફૂટેજ છે, જેને દ્વારા નષ્ટ કરવામાં આવ્યા હતા. અહીંથી ડ્રોન છોડવામાં આવી રહ્યાં હતાં. શુક્રવારે સાંજે ૭:૪૭થી ૧૦:૫૭ વાગ્યાની વચ્ચે પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતનાં શહેરોમાં ૫૫૦થી વધુ ડ્રોન ફાયર કર્યાં. આ હુમલાને સેનાએ નિષ્ફળ બનાવ્યા.

શનિવારે સવારે પાકિસ્તાને ફરી એકવાર જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાત પર હુમલો કર્યો. રાજૌરી, પૂંછ અને જમ્મુમાં પણ ભારે ગોળીબાર કરવામાં આવ્યો. આ ગોળીબારમાં રાજૌરીના એક વહીવટી અધિકારી સહિત પાંચ લોકો માર્યા ગયા હતા.

જમ્મુ શહેરમાં પણ હવાઈ હુમલા ચાલુ છે. ઘણી ઈમારતોને નુકસાન થયું છે. પાકિસ્તાનની સરહદે આવેલા શ્રીગંગાનગર અને હનુમાનગઢ જિલ્લામાં રેડ એલર્ટ છે. ચંદીગઢ અને અંબાલામાં હવાઈ હુમલાનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

સેનાએ ઓપરેશન સિંદૂરનો એક નવો વીડિયો જાહેર કર્યો છે. સેનાએ કહ્યું કે ૮-૯ મેની રાત્રે, જમ્મુ-કાશ્મીર અને પંજાબના અનેક શહેરોમાં ડ્રોન હુમલાના જવાબમાં, અમે આતંકવાદી લોન્ચ પેડ્સનો નાશ કર્યો. નજીક બનેલા આ લોન્ચ પેડ્સ ભારતીય નાગરિકો અને સુરક્ષા દળો પર હુમલાના આયોજન અને અમલીકરણ માટેનું કેન્દ્ર હતા. લશ્કરી કાર્યવાહીથી આતંકવાદી માળખાને મોટો ફટકો પડ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી લશ્કરી કાર્યવાહી અંગે વિદેશ અને સંરક્ષણ મંત્રાલયોએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે પાકિસ્તાન સતત મિસાઈલ હુમલા કરી રહ્યું છે. તેણે ઉધમપુર, પઠાણકોટ, આદમપુર અને ભૂજ એરબેઝ પર હાઈ-સ્પીડ મિસાઈલોથી હુમલો કર્યો, જેનાથી આપણને નુકસાન થયું.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે રક્ષામંત્રી રાજનાથ સિંહને તેમના નિવાસસ્થાને મળ્યા. સીડીએસે તેમને વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. બંને દેશો ભયંકર યુદ્ધની અણી પર ઉભા છે. અત્યાર સુધી નાના મિસાઈલો અને ડ્રોનથી થતા હુમલા હવે ખતરનાક અને મોટા મિસાઇલ હુમલામાં ફેરવાઈ ગયા છે. જોકે, ભારત પાકિસ્તાનની મિસાઇલોને હવામાં તોડી પાડવામાં સફળ રહ્યું છે. અહેવાલો અનુસાર પાકિસ્તાને ફતહ-બેલિસ્ટિક મિસાઇલથી હુમલો કર્યો. સિરસામાં તેને નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું. તે જ સમયે, ભારતે ઈસ્લામાબાદ સહિત પાકિસ્તાનના ઘણા એરબેઝને નિશાન બનાવ્યા જેમાં તેને ભારે નુકસાન થયું. પાકિસ્તાનના હુમલાના જવાબમાં ભારતે પણ બેલિસ્ટિક મિસાઇલોથી હુમલો કર્યો. પાકિસ્તાને પોતે આ દાવો કર્યો છે. ભારતે બેલેસ્ટિક મિસાઇલ છોડવાની પુષ્ટિ કરી નથી. શ્રીનગર અને પઠાણકોટ એરબેઝ પાસે પણ મોટા વિસ્ફોટો સંભળાયા. આ વિસ્ફોટો પછી કોઈ નુકસાનના સમાચાર નથી.

શુક્રવાર-શનિવાર રાત્રે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો. બંને દેશો યુદ્ધની અણી પર ઉભા છે અને તેમની સેનાઓ એકત્ર થઈ ગઈ છે. શુક્રવારે સાંજે પાકિસ્તાને ભારતમાં ૨૬ સ્થળોએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આના જવાબમાં ભારતે પાકિસ્તાનના એરબેઝને નિશાન બનાવ્યા અને ત્યારબાદ પાકિસ્તાને પોતાનું એરસ્પેસ બંધ કરી દીધું. તેવી જ રીતે, પાકિસ્તાન દ્વારા ભારત પર ફતહ-૧ મિસાઇલ છોડવામાં આવી હતી. શુક્રવારે રાત્રે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન અને મિસાઇલ હુમલાનો ભારતે જવાબ આપ્યો. પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર, પંજાબ, ગુજરાત અને રાજસ્થાનના ઘણા વિસ્તારોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો છે. સૂત્રોનું કહેવું છે કે ભારતે પાકિસ્તાનના ઓછામાં ઓછા ત્રણ એરબેઝને નિશાન બનાવ્યા છે. જ્યારે પાકિસ્તાનનો દાવો છે કે ભારતે બેલેસ્ટિક મિસાઇલથી હુમલો કર્યો છે. ભારતે આ વાતનો ઈનકાર કર્યો છે. ભારતના હુમલામાં પાકિસ્તાનને પણ નુકસાન થયું છે. પાકિસ્તાન તરફથી છોડવામાં આવેલી મિસાઇલોને હવામાં જ તોડી પાડવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન પંજાબના અમળતસરને નિશાન બનાવવામાં કોઈ કસર છોડી રહ્યું નથી. શુક્રવારે રાત્રે પાકિસ્તાને પંજાબ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરના ૨૬ શહેરો પર ડ્રોન હુમલા કર્યા. અવંતિપુરા એરફોર્સ સ્ટેશન પર ડ્રોન હુમલો પણ નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત ચંદીગઢ અને અંબાલાને પણ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

# આજે શ્રીનગર વિસ્ફોટોથી ધણધણી ઉઠ્યું

## એરપોર્ટ પરનો હૂમલો નિષ્ફળ બનાવાયો

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

શનિવારે સવારે શ્રીનગર શહેરમાં અનેક વિસ્ફોટો સંભળાયા. આના થોડા કલાકો પહેલા જ ભારતીય સેનાએ ગઈકાલે મોડી રાત્રે અનેક સ્થળોએ પાકિસ્તાની ડ્રોન હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર એરપોર્ટ સહિત અનેક મહત્વપૂર્ણ સંસ્થાઓ પાસે વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. વિસ્ફોટોના અવાજ આવતાની સાથે જ શહેરમાં સાયરન વાગવા લાગ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેર અને ખીણના મોટાભાગના વિસ્તારોમાં વીજળી પણ કાપી નાખવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરમાં પહેલાથી જ બ્લેકઆઉટ લાગુ કરવામાં આવ્યું છે.

આજે સવારે શ્રીનગરના લાસજનમાં વિસ્ફોટ બાદ એક અષાના ભાગો પડી ગયા. કાટમાળ અનેક ઘરો વચ્ચે પડ્યો. આ ઘટનામાં લોકો માંડ માંડ બચી ગયા. શ્રીનગરમાં એક પ્રત્યક્ષદર્શી અશરફે જણાવ્યું કે શુક્રવારે સવારે ૫.૪૫ વાગ્યે એક જોરદાર વિસ્ફોટ થયો. આ પછી, જ્યારે અમે અહીં આવ્યા, ત્યારે અમને ત્યાં એક વસ્તુ પડેલી મળી. અમે સ્થાનિક શેરિફને ફોન કર્યો, જેમણે પછી પોલીસને ફોન કર્યો. તેઓ આવ્યા અને તેને પાછું મેળવ્યું. અમને ખબર નહોતી કે તે શું હતું... કોઈ જાનહાનિ થઈ ન હતી.

પાકિસ્તાનના આ હુમલાઓનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો. અવંતીપોરા એરફોર્સ સ્ટેશન પર ડ્રોન હુમલો નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો, જોકે ત્યાં એક જોરદાર વિસ્ફોટ સંભળાયો હતો. તે જ સમયે, ચંદીગઢ અને અંબાલામાં હવાઈ હુમલાનું એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

પાકિસ્તાની ગોળીબારથી શ્રીનગર અને તેની આસપાસના નાગરિક વિસ્તારોને પણ નુકસાન થયું છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે વિસ્ફોટના કારણે કાટમાળ ઘરોમાં પડવા લાગ્યો છે. ભારતીય સેનાએ આ હુમલાઓનો જવાબ આપવા માટે સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલ સિસ્ટમ સક્રિય કરી છે. આ ઉપરાંત, નૌશેરા વિસ્તારમાં પણ ગોળીબારના સમાચાર છે, જ્યાં ભારતીય સેના દુશ્મનના હુમલાઓનો યોગ્ય જવાબ આપી રહી છે.

મોડી રાત્રે શ્રીનગર એરપોર્ટ અને અવંતીપોરા એરબેઝ પર ડ્રોન હુમલાઓને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા, જ્યારે જમ્મુ અને દક્ષિણ કાશ્મીર ક્ષેત્રના કેટલાક ભાગોમાં વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે એક દિવસ પહેલા જ ભારતે ડ્રોન અને મિસાઇલો દ્વારા ભારતીય લશ્કરી સ્થાપનો પર હુમલો કરવાના પાકિસ્તાની સેનાના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

ભારતીય સેના દ્વારા પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં આવ્યા બાદ બારામુલા જિલ્લાનું આકાશ તેજસ્વી પ્રકાશથી ભરાઈ ગયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ પ્રદેશ અને દક્ષિણ કાશ્મીરમાં વિસ્ફોટો સંભળાયા અને સાયરન વાગવા લાગ્યા હતા.

# ભારત-પાક તણાવ વચ્ચે ગુજરાત સરકાર સતર્કઃ ભૂપેન્દ્રભાઈએ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની મુલાકાત લઈ સરહદી જિલ્લાઓની સ્થિતિની સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુક્રવારે રાત્રે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ની મુલાકાત લીધી હતી અને રાજ્યના સરહદી જિલ્લાઓની વર્તમાન પરિસ્થિતિની માહિતી મેળવી હતી.





મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી અને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે સરહદી જિલ્લાઓમાં સુરક્ષા જવાનોની તૈનાતી, પેટ્રોલિંગ, સંદેશાવ્યવહાર વ્યવસ્થા અને અન્ય સંબંધિત બાબતોની માહિતી મેળવી હતી.

આ સમયે ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિ અને અન્ય વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અધિકારીઓને સરહદી વિસ્તારોમાં ચાંપતી નજર રાખવા અને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર રહેવા સૂચના આપી હતી. તેમણે નાગરિકોને શાંતિ જાળવવા અને અફવાઓથી દૂર રહેવા પણ અપીલ કરી હતી.



# ગુજરાતમાં ૧૦૦૦ સાયરન સ્થાપિત કરાશે

## તમામ જીલ્લા કલેકટરોને સ્થળ નિશ્ચિત કરવા તાકીદ, યુદ્ધ સહિતના સમયમાં ઉપયોગી બનશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પાકિસ્તાન સામેના યુદ્ધ કે યુદ્ધની સ્થિતિમાં સરહદી સહિતના ક્ષેત્રોમાં હવાઈ હુમલા કે પછી જમીન માર્ગે પણ આવી શકતા હુમલાની પુર્વ ચેતવણી માટે સાયરન વગાડવાની જે પદ્ધતિ છે તે કારગર પુરવાર થઈ છે.

ખાસ કરીને સરહદી ક્ષેત્રમાં રહેતા નાગરિકોને સલામત થઈ જવા માટે સમય મળી રહે છે. ગુજરાતમાં હવાઈ, સમુદ્રી અને ભૂમી એમ ત્રણેય પ્રકારની પાકિસ્તાન સામેની સરહદ ધરાવે છે અને ભૂતકાળમાં યુદ્ધ પણ જોઈ ચૂકયુ છે.

તે સમયે હવે રાજયની સરહદી સહિતની સુરક્ષામાં સાયરનની ભૂમિકા વધારવાનો નિર્ણય ભુપેન્દ્ર પટેલ સરકારે લીધો છે અને રાજયભરમાં સરહદી સહિતના ક્ષેત્રોમાં ૧૦૦૦ સાયરન સ્થાપવામાં આવશે અને તે એક સાથે જ રાજયભરમાં તાકીદનો સંદેશ આવે તેવી વ્યવસ્થા હશે.

આ માટે એક મોનેટરીંગ સેન્ટર પણ અપાશે. ગુજરાતમાં સિવિલ ડિફેન્સ સીસ્ટમને વધુ સક્ષમ બનાવાશે. આ નવી સાયરન સીસ્ટમ એ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ- આધુનિક ટેકનોલોજીના આધારે હશે અને તે રીમોટ કંટ્રોલ હશે જેથી તેને એકટીવ કરવામાં પણ સરળતા રહેશે. રાજય સરકારે તમામ જીલ્લા કલેકટરને આ સાયરન માટેના સ્થળો નિશ્ચિત કરવા જણાવાયુ છે અને તેમાં સરહદી સલામતદળો અને સૈન્ય બન્નેનું પણ માર્ગદર્શન લેવાશે.

રાજયભરમાં આ પ્રકારે ૧૦૦૦ સાયરન સ્થાપીત કરાશે અને તે આવશ્યકતા મુજબ એક જ સાથે ગર્જી ઉઠે તેવી વ્યવસ્થા પણ હશે. સાયરન બે પ્રકારની ચેતવણી આપે છે. જેમાં એક તે આવી રહેલા હવાઈ હુમલા- જેમાં મિસાઈલ એટેક હોય તેની પણ ચેતવણી અપાય છે. જેના કારણે ખાસ કરીને સરહદી સહિતના ક્ષેત્રના લોકોને સલામત શરણ લેવાનો સમય મળે છે.

જો કે હવે હવાઈ હુમલા અત્યાધુનિક ફાઈટર વિમાનો- મિસાઈલ કે ડ્રોન વિ.ની છેક અંદરના ભાગ સુધી કરી શકાય છે. તેથી રાજયના આંતરિક વિસ્તારોમાં પણ આવી એલાર્મ સીસ્ટમ જરૂરી બનશે. ઉપરાંત બ્લેક આઉટ વિ.ની પણ તૈયારી કરવાની જરૂર પડે તો તે માટે સમય મળી રહેશે.

બીજુ સાયરન સબ સલામતનું અપાય છે કે ખતરો ટળી ગયો છે. હવે સામાન્ય સ્થિતિમાં ફરી જઈ શકાશે. બન્ને સાયરનની ચેતવણી અલગ-અલગ ટયુન હશે. ગુજરાતના સિવિલ ડિફેન્સ હોમગાર્ડના ડીરેકટર શ્રી મનોજ અગ્રવાલે કહ્યુ કે, આ સાયરન દુર દુરના ક્ષેત્રોમાં અલગથી અને રાજયભરમાં જરૂર પડે તો એક સાથે ચેતવણી આપી શકાય તેવા પ્રકારને રાજય જીલ્લા કલેકટરો તે માટે સ્થળો નિશ્ચિત કરશે અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરાશે. આ રીમોટ કંટ્રોલ સાયરનથી લોકોને ઝડપથી ચેતવી શકાશે. ઉપરાંત તેને વાવાઝોડા વિ.ના સમયે પણ ઉપયોગી કેમ બને તે જોવાશે.

# ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધનો માહોલ ખતરનાક બન્યો

## LOC પર આખી રાત ગોળીબાર - તોપમારોઃ પાક ચોકીઓ - આતંકી લોન્ચપેડ નષ્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધનો માહોલ વધુ ગંભીર રીતે અને ખતરનાક બની રહ્યો છે ત્યારે કાશ્મીરની વાસ્તવિક અંકુશ રેખાએ પણ આખી રાત ગોળીબાર તથા તોપમારો ચાલુ રાખ્યો હતો. ભારતીય સૈન્યએ પાકના છક્કા છોડાવ્યા હોય તેમ અનેક ચોકી અને આતંકી લોંચ પેડ નષ્ટ કરી નાખ્યા હતા. પાક દ્વારા નિર્દોષ લોકોને નિશાન બનાવવાનું ચાલુ રખાયુ હતું તેમાં કાશ્મીરનાં એક અધિકારી સહીત પાંચ લોકોના મોત નીપજયા હતા.



કાશ્મીર સ્થિત અનેક સરહદી ક્ષેત્રોમાં ભારત-પાકિસ્તાન વચ્ચે આખી રાત સામસામા ગોળીબાર તોપમારા ચાલુ રહ્યા હતા. પાકિસ્તાન જે સ્થળોએથી ટયુબ લોંચ ડ્રોન મારફત ભારતમાં ઘુસણખોરીની કોશીશ કરતુ હતું તે સ્થળોને ભારતે નષ્ટ કરી દીધા હતા આ સિવાય અને પાકિસ્તાની ચોકીઓને પણ ઉડાવી દેવામાં આવી હતી.

પાકિસ્તાન દ્વારા સરહદી ક્ષેત્રોમાં રહેણાંક ક્ષેત્રો-નિર્દોષ નાગરીકોને નિશાન બનાવવામાં આવી રહ્યા હતા. રાજૌરી, પુંછ, શ્રીનગર તથા જમ્મુ જીલ્લાનાં ક્ષેત્રોમાં અધિકારી સહીત પાંચ લોકોના મોત નીપજયા હતા. જયારે અન્ય કેટલાંક ઘાયલ થયા હતા.રાજૌરીમાં એડીશ્નલ ઘાયલ થયા હતા.

## રાજૌરીમાં તોપગોળો ત્રાટકતા સીનીયર અધિકારી સહિત પાંચ ભારતીયોના મોત

રાજૌરીમાં એડીશ્નલ જીલ્લા વિકાસ અધિકારી રાજકુમાર થાપાના સરકારી નિકાસ પર તોપગોળો ત્રાટકયો હતો. તેમાં તેમનું મૃત્યુ નીપજયુ હતું. અન્ય બે કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા.

રાજૌરી સહીત મોટાભાગનાં ક્ષેત્રોમાં બ્લેકઆઉટ કરાયુ હતું. નૌશહરા પૂંછ તથા કુપવાડામાં નિયંત્રણ રેખા, પર તોપ અને ગનની ધણધણાટી હતી ભારતે પૂછ તથા આરએસયુપુરમાં બે લોકોના મોત થયા હતા.

# ગ્રાહકોને કોઈ પરેશાની વિના સેવા આપવા નિર્મલા સિતારામનનો બેન્કોને આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણામંત્રી નિર્મલા સિતારામને શુક્રવારે બેન્કોને જણાવ્યુ હતું કે, ભારત પાકિસ્તાન વચ્ચે વધતા તનાવને જોતા તેઓ એલર્ટ રહે અને કોઈ ફરિયાદો વિના ગ્રાહકોને સર્વીસ આપતી રહે. બેન્કો અને વીમા કંપનીઓના સીઈઓ સાથે સાઈબર સિકયુરીટીની તૈયારીઓ પર મિટીંગમાં નાણામંત્રીએ મુશ્કેલ સમયમાં આર્થિક સ્થિરતા જાળવી રાખવામાં બેન્કીંગ અને નાણાંકીય ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર જોર દીધુ હતું.

તેમણે કહ્યુ હતું કે, બેન્કીંગ સેવાઓ કોઈ જાતની રૂકાવટ વિના ચાલતી રહેવી જોઈએ.ઈમરજન્સી



માટે બનાવવામાં આવેલ પ્લાનને અપડેટ અને ચેક કરવામાં આવે જેથી કોઈપણ પ્રકારની પરેશાનીનો નિકાલ કરી શકાય.સીતારામને બેન્કોને બોર્ડર વિસ્તારમાં કામ કરનાર પોતાના કર્મચારીઓ અને તેમના પરિવારની સુરક્ષાનો પણ ખ્યાલ રાખવાનું કહ્યું હતું.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સીતારામને બેન્કોને સુરક્ષા એજન્સીઓ સાથે મળીને કામ કરવા અને પોતાની સુરક્ષાનું પૂરૂ ધ્યાન રાખવાનો નિર્દેશ આપ્યો છે.

આ હાઈ લેવલ મીટીંગમાં તેમણે બેન્કોને કહ્યું કે, સામાન્ય જનતા અને બિઝનેસને કોઈપણ પ્રકારની પરેશાની ન થવી જોઈએ.એટીએમમાં પર્યાપ્ત કેશ હોવી જોઈએ.

યુપીઆઈ અને ઈન્ટરનેટ બેન્કીંગની સુવિધા કોઈ જાતની પરેશાની ચાલતી રહેવી જોઈએ. મીટીંગમાં નાણામંત્રીએ કામકાજ અને સાઈબર સુરક્ષાની તૈયારીની વિગત મેળવી હતી.

# કોરોનામાં મૃત્યુ આંક છુપાવવામાં ગુજરાત સૌથી આગળ

## CRS રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારતમાં કોરોના મહામારી દરમિયાન મૃત્યુઆંક સંબંધિત ડેટાને લઈને એક મોટો અને ચોંકાવનારો ખુલાસો થયો છે. સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે દેશના તમામ રાજ્યોમાં કોરોના મહામારી સંબંધિત મૃત્યુઆંક ઓછો દર્શાવવામાં આવ્યો હતો, અને વાસ્તવિક મૃત્યુ સંખ્યા સરકારી આંકડાઓ કરતા અનેક ગણો વધારે હતો.



ભારતમાં કોરોના મહામારીની બીજી લહેર, જે ૨૦૨૧ માં આવી હતી, તે દરમિયાન સરકારી ચોપડે નોંધાયેલો મૃત્યુઆંક વાસ્તવિકતાથી ઘણો દૂર હતો. ૨૦૨૧ માં, દેશભરમાં કોરોના દરમિયાન અધિકૃત મૃત્યુઆંક ૩,૩૨,૪૬૮ હતો.

જોકે, સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ ચોંકાવનારા છે. CRS રિપોર્ટ અનુસાર, ૨૦૨૧ માં દેશભરમાં કુલ ૧૯,૭૩,૯૪૭ મૃત્યુ થયા હતા, જે અધિકૃત આંકડાઓ કરતા લગભગ ૬ ગણા વધુ છે. આ રિપોર્ટ સ્પષ્ટપણે દર્શાવે છે કે કોરોના મહામારી દરમિયાન દેશના દરેક રાજ્યમાં મૃત્યુઆંક ઓછો દર્શાવવામાં આવ્યો હતો.

CRS દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર, ૨૦૨૧ માં કોરોનાથી થતા મૃત્યુના આંકડા છુપાવવામાં ગુજરાત રાજ્ય મોખરે હતું. ગુજરાતે આ વર્ષે રાજ્યમાં આશરે ૬ હજાર મૃત્યુનો આંકડો રજૂ કર્યો હતો, પરંતુ વાસ્તવમાં તેના કરતા ૩૩.૬ ગણા વધુ મૃત્યુ નોંધાયા હતા.

ગુજરાત સરકારે અધિકૃત રીતે ૨૦૨૧માં ૫૮૦૯ મૃત્યુ નોંધાયા હોવાનું જણાવ્યું હતું, પરંતુ હવે જે CRS અહેવાલ બહાર આવ્યો છે તે મુજબ, ૨૦૨૧માં ગુજરાતમાં કુલ ૧,૯૫,૪૦૬ મૃત્યુ થયા હતા.

કોવિડ દરમિયાન મૃત્યુઆંક છુપાવવામાં માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશના અન્ય ઘણા રાજ્યો પણ સામેલ હતા. CRS ડેટા મુજબ, ગુજરાત પછી, મધ્યપ્રદેશ આ બાબ-તમાં બીજા ક્રમે રહ્યું. ૨૦૨૧ માં મધ્યપ્રદેશમાં અધિકૃત મૃત્યુઆંક ૬૯૨૭ હતો, જ્યારે વાસ્તવિકતામાં અહીં ૧,૨૬,૭૭૪ મૃત્યુ થયા હતા.

તેવી જ રીતે, પશ્ચિમ બંગાળમાં અધિકૃત મૃત્યુઆંક ૧૦,૦૫૨ હતો, જ્યારે અહીં ૧,૫૨,૦૯૪ મૃત્યુ નોંધાયા હતા. બિહારમાં પણ અધિકૃત રીતે ૧૦,૬૯૯ લોકોના મોતનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ વાસ્તવમાં અહીં ૧,૩૫,૩૯૧ લોકોના મોત થયા હતા. ઉત્તર પ્રદેશમાં અધિકૃત રીતે ૧૪,૫૬૩ મૃત્યુ નોંધાયા હતા, પરંતુ CRS રિપોર્ટ મુજબ અહીં ૧,૦૩,૧૦૮ મૃત્યુ થયા હતા.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૧૧ નવા ક્લસ્ટર શરૂ કરાયા

## નાગરિકોને સ્થળ પર જ વિવિધ મ્યુનિસિપલ સેવાઓ મળી રહે તે હેતુથી ક્લસ્ટરની રચના

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નગરજનોને વધુ સગવડ મળે તે હેતુથી શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૧ ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. દરેક ક્લસ્ટરમાં નાગરિકોને સીવીલ કામ, સફાઈ, ગટર, બાંધકામ અને વેરા સંબંધિત કામગીરી માટે અધિકારીઓની ટીમ હાજર રહેશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નાગરિકોને મ્યુનિસિપલ સેવાઓ વધુ અસરકારક રીતે મળી રહે તે હેતુથી નવા ૧૧ ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. મહાનગરપાલિકાના નાયબ કમિશ્નર દ્વારા આપવામાં આવેલી માહિ-તી મુજબ, દરેક ક્લસ્ટરમાં વર્ક આસિસ્ટન્ટ, સર્વેયર, સબ સેનીટરી ઇન્સ્પેક્ટર અને રિકવરી ઓફિસરની નિમણૂક કરાઈ છે, જે નાગરિકોની જુદી જુદી ફરિયાદો અને જરૂરીયાતોના તાત્કાલિક નિવારણ માટે જવાબદાર રહેશે. આ ક્લસ્ટર હેઠળ નાગરિકોને પાણી, રોડ, ગટર, સફાઈ, ગેરકાયદેસર બાંધકામ, મિલકત વેરા સહિતની તમામ સેવાઓ મળતી રહેશે. દરેક વિભાગના અધિકારીઓના સંપર્ક નંબર તથા ક્લસ્ટરની માહિતી જાહેર કરવામાં આવી છે જેથી નાગરિકોને સરળતાથી સંપર્ક કરી શકાય. આ વ્યવસ્થાથી સત્તાનું વિકેન્દ્રીકરણ થશે અને નાગરિકોને તેમના નજીકના વિસ્તારમાંથી જ સેવા મળી રહેશે.

મહાનગરપાલિકાએ નાગરિકોને ENA-GAR.GUJARAT.GOV.IN પોર્ટલ મારફતે પણ પોતાની ફરિયાદો નોંધાવી શકવાની સુવિધા આપી છે, જેનું નિવારણ પણ ક્લસ્ટરના માધ્યમથી કરવામાં આવશે. આ સાથે મહાનગરપાલિકા દ્વારા નગરજનોને આ નવા ક્લસ્ટરની કામગીરીનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. ક્લસ્ટર તેમજ ક્લસ્ટર મુજબ અધિકારીઓના નામ અને મોબાઈલ નંબર આપવામાં આવ્યા છે

### ક્લસ્ટર -૧

ઓફિસ : નાની વાવડી ગ્રામપંચાયત વિસ્તાર વોર્ડ નં.૧, નાની વાવડી વર્ક આસિસ્ટન્ટસમીર સુમરા મો. નં. ૯૫૮૬૩૧૩૨૭૫

સર્વેયરનકુમ કિશોરભાઈ લાલજીભાઈ મો.નં. ૯૫૮૬૩૧૨૩૭૫ સબ સેને. ઈન્સમેહુલભાઈ બી. દેસાઈ મો.નં. ૮૨૩૮૧૮૯૫૧૭

રિકવરી ઓફિસર : ચૌહાણ સીતારાબા મો.નં. ૭૯૮૪૪૭૫૯૭૮

### ક્લસ્ટર-૨

ઓફિસ : (૧)સુરાજબાગ બાલ મંદિર (૨) અમરેલી ગ્રામપંચાયત ઓફીસ

વિસ્તાર : વોર્ડ નં.૨ અને ૬ તથા મોરબી

વર્ક આસિસ્ટન્ટ : જાબીર હુસેન મનસુરી મો.નં. ૮૪૬૯૦૨૨૭૦૪

સર્વેયર : પરમાર પીતાંબર મો.નં. ૮૪૬૯૦૨૨૭૦૪

સબ સેને. ઈન્સઃ અભિષેક હરેશભાઈ સોલંકી મો.નં. ૯૮૯૮૯૬૮૨૨૪

રિકવરી ઓફિસરઃ મિહપતિસિંહ જાડેજા મો. નં. ૯૩૨૭૬૨૯૫૦૯

### ક્લસ્ટર-૩

ઓફિસ : મહેન્દ્રનગર ગ્રામ પંચાયત ઓફીસ

વિસ્તાર : વોર્ડ નં. ૩ તથા મહેન્દ્રનગર

વર્ક આસિસ્ટન્ટ : રાજલબેન ગોહિલ મો.નં. ૭૪૩૫૮૫૨૫૦૫

સર્વેયર : પરમાર પીતાંબર પી. મો.નં. ૮૪૬૯૦૨૨૭૦૪

સબ સેને. ઈન્સ : ભાવેશ રાણાભાઈ વાળા મો.નં. ૮૮૬૬૨૨૬૪૬૪

રિકવરી ઓફિસર : દીપ કુંડારિયા મો.નં. ૭૪૮૭૮૭૦૭૫૫

### ક્લસ્ટર ૪

ઓફિસ : (૧) ત્રાજપર ગ્રામ પંચાયત ઓફીસ (૨) ભડીયાદ ગ્રામ પંચાયત ઓફીસ

વિસ્તાર : ત્રાજપર તથા ભડીયાદ

વર્ક આસિસ્ટન્ટ : પાર્થ રાઠોડ મો. નં. ૯૮૭૫૨ ૩૪૫૧૧

સર્વેયર : કોઠારી અર્પિત માનહરલાલ મો.નં. ૮૪૬૦૫૬૨૭૭૩

સબ સેને. ઈન્સ : તેજસ્વીની મુકેશભાઈ જોશી મો. નં. ૯૦૯૯૫૮૨૬૬૪

રિકવરી ઓફિસર : ભાવેશ મકવાણા મો. નં.૮૧૬૪૮૯૧૮૧

### ક્લસ્ટર-૫

ઓફિસઃ કેસરબાગ

વિસ્તાર : વોર્ડ નં. ૪

વર્ક આસિસ્ટન્ટ : પાર્થ ખૂંટ મો.નં.૯૩૧૩૦૫૫૨૭૭

સર્વેયર : કોઠારી અર્પિત માનહરલાલ મો.નં. ૮૪૬૦૫૬૨૭૭૩

સબ સેને. ઈન્સ : સુરેશ ગોવાભાઈ ટોયટા મો.નં. ૭૦૬૯૧ ૫૧૪૯૩

રિકવરી ઓફિસર : કૌશલ મીરાણી મો.નં. ૮૮૪૯૧૯૧૨૨૮

### ક્લસ્ટર-૬

ઓફિસ : દરબાર ગઢ વોટર પંપિંગસ્ટેશન ઓફીસ

વિસ્તાર : વોર્ડ નં. ૫ તથા ૧૩

વર્ક આસિસ્ટન્ટ : સતીશ બગડા મો.નં. ૯૬૦૧૦૯૮૧૭૮

સર્વેયર : મકવાણા ફૈયાઝ મુબારકભાઈ મો.નં.૯૨૬૫૧૧૦૧૫૦

સબ સેને. ઈન્સઃ યશસ્વી હિતેશભાઈ હંસોરા મો.નં. ૯૪૨૯૪૮૫૯૫૩

રિકવરી ઓફિસરઃ આર્યન ખંડેખા મો.નં. ૯૩૨૭૯૮૬૭૧૧

### ક્લસ્ટર-૭

ઓફિસઃ વિશ્વકર્મા બાલમંદિર વાંકાનેર દરવાજા (સેનિટેશન વોર્ડ ઓફીસ)

વિસ્તારઃ વોર્ડ નં. ૭ તથા ૮

વર્ક આસિસ્ટન્ટઃ વિભૂતિબેન ચાવડા મો. નં. ૯૭૨૭૪૪૨૮૧૭

સર્વેયરઃ મકવાણા ફૈયાઝ મુબારકભાઈ મો.નં.૯૨૬૫૧૧૦૧૫૦

સબ સેને. ઈન્સઃ ઋતુરાજસિંહ વાળા મો.નં. ૮૭૩૩૦૬૦૭૭૪

રિકવરી ઓફિસરઃ શૈલેષ પરમાર મો.નં. ૭૨૮૫૮૦૫૧૪૪

### ક્લસ્ટર-૮

ઓફિસઃ મોરબી મહાનગરપાલિકા મુખ્ય કચેરી

વિસ્તારઃ વોર્ડ નં. ૯ તથા ૧૦

વર્ક આસિસ્ટન્ટઃ પ્રતિમાબેન સોંદરવા મો. નં. ૯૧૦૬૯૩૪૩૫

સર્વેયરઃ પડાયા ચેતન એલ. મો.નં. ૯૨૬૫૫૦૪૦૪૦

સબ સેને. ઈન્સઃ ભૂમિબા ગજેન્દ્રસિંહ વાળા મો.નં. ૯૯૭૪૫૬૬૩૪૬

રિકવરી ઓફિસરઃ કક્કડ હરીશભાઈ મો.નં. ૯૯૭૪૦૯૨૯૫૧

### ક્લસ્ટર-૯

ઓફિસઃ શનાળા ગ્રામ પંચાયત ઓફીસ

વિસ્તારઃ વોર્ડ નં. ૧૧ શક્ત શનાળા

વર્ક આસિસ્ટન્ટઃ ખુશ રાજગુરુ મો.નં. ૯૩૨૭૨૯૫૦૯૬

સર્વેયરઃ નકુમ કિશોર લાલજીભાઈ મો.નં. ૯૫૮૭૩૧૩૨૭૫

સબ સેને. ઈન્સઃ મયુરભાઈ રણછોડભાઈ ધોરડીયા મો.નં. ૬૩૫૪૯૯૨૫૮૮

રિકવરી ઓફિસરઃ શેઠ દીપાલીબેન મો. નં. ૯૪૨૭૯૬૪૪૮૧

### ક્લસ્ટર-૧૦

ઓફિસઃ રવાપર ગ્રામ પંચાયત ઓફીસ

વિસ્તારઃ રવાપર વિસ્તાર

વર્ક આસિસ્ટન્ટ : આશિષ રાઠોડ મો. નં. ૮૮૬૬૩૨૨૫૨૩

સર્વેયરઃ ગોહેલ મયુરભાઈ શામજીભાઈ મો.નં. ૯૦૩૩૫૦૪૭૧૮

સબ સેને. ઈન્સઃ જયેશ લક્ષ્મણભાઈ પરમાર મો.નં. ૭૬૦૦૬૦૫૨૪૩

રિકવરી ઓફિસરઃ દીપ છાત્રોલા મો. નં. ૮૭૮૦૫૭૪૦૦૯

### ક્લસ્ટર-૧૧

ઓફિસઃ લીલાપર ગ્રામ પંચાયત ઓફીસ

વિસ્તારઃ વોર્ડ નં. ૧૨ તથા લીલાપર

વર્ક આસિસ્ટન્ટઃ ભાવેશ દશાડિયા મો.નં. ૯૩૨૭૦૧૧૫૭૩

સર્વેયરઃ ગોહેલ મયુરભાઈ શામજીભાઈ મો.નં. ૯૦૩૩૫૦૪૭૧૮

સબ સેને. ઈન્સઃ રોહિત નારણભાઈ ગોજીયા મો.નં. ૯૫૧૨૪૬૮૭૫૭

રિકવરી ઓફિસરઃ દિલીપ બોસિયા મો. નં. ૯૬૩૮૪૩૮૬૨૯

# મોરબી મહાનગરપાલિકામાં ૭૮ જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની ભરતી

## જાહેરાતથી ઈન્ટરવ્યૂ સુધીની પ્રક્રિયા પૂર્ણ, ૬૦ ઉમેદવારોને નિમણુક પત્ર આપવામાં આવ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને વહીવટી કામગીરી સરળ બનાવવા માટે ૭૮ જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કુલ ૧૯૩૦ અરજીઓથી શરૂ થયેલી આ પ્રક્રિયાના અંતે ૬૦ ઉમેદવારોની નિમણુક કરવામાં આવી છે, જેમાંથી ૫૬ કર્મચારીઓ ફરજ પર હાજર થઈ ચૂક્યા છે.

મોરબી મહાનગરપાલિકા, જે તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫થી કાર્યરત છે, શહેરના સર્વાંગી વિકાસ અને વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે સતત પ્રયાસશીલ છે. આ અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા ૭૮ જગ્યાઓ ભરવા માટે તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ દૈનિક પત્રમાં જાહેરાત આપવામાં આવી હતી. જાહેરાત બાદ વિવિધ પદ માટે કુલ ૧૯૩૦ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. આવેલ અરજીઓનું ધ્યાનપૂર્વક પરીક્ષણ કરી માન્ય અને અમાન્ય અરજીઓનું છટણીકરણ કરવામાં આવ્યું હતું. માન્ય ઉમેદવારોને ડોક્યુમેન્ટ ચકાસણી તથા ઈન્ટરવ્યૂ માટે ઈમેઈલ, વોટ્સએપ, ટેલિફોનિક સંપર્ક અને લેખિત મારફત બોલાવવામાં આવ્યા હતા. તા. ૧૨ માર્ચ ૨૦૨૫થી ૯ એપ્રિલ ૨૦૨૫ સુધી ઈન્ટરવ્યૂ યોજાયા હતા, જેમાં વિષય નિષ્ણાતોની સમિતિએ ઉમેદવારોનું મૂલ્યાંકન કર્યું હતું. આ સમિતિ દ્વારા તૈયાર મેરીટ યાદીને આધારે ૬૦ ઉમેદવારોને નિમણુક પત્ર અપાયા છે. હાલ ૫૬ કર્મચારીઓએ નિયમ મુજબ ફરજ સંભાળી લીધી છે, જ્યારે બાકી જગ્યાઓ માટે પ્રતીક્ષા યાદી પરથી આગામી સમયમાં નિમણુક કરવામાં આવશે.

વધુમાં મહાનગરપાલિકાની યાદીમાં જણાવ્યા મુજબ, જ્યાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો મળ્યા નથી, તેવી જગ્યા માટે જેવી કે સર્વેયર, લીગલ ઓફિસર, મિકેનિક, અને ઈલેક્ટ્રિક ઈજનેર જેવી જગ્યાઓ માટે આગામી સમયમાં ફરીથી ભરતી પ્રક્રિયા હાથ ધરાશે.

# વાંકાનેરની લુણસરીયા ફાટક પાસે કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા ૪ પકડાયા, દારૂ આપનાર ફરાર

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર સીટી પોલીસ મથક વિસ્તારમાં આવતા થાન રોડ ઉપર લુણસરીયા ફાટક નજીક ક્વિડ કારમાં વિદેશી દારૂની ૨૪ બોટલ લઈને નીકળેલ ચાર ઇસમોને સીટી પોલીસે પકડી લીધા હતા, આ સાથે પોલીસે કાર, વિદેશી દારૂનો જથ્થો સહિત રૂ.૧.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે વિદેશી દારૂ આપનારનું નામ ખુલતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી પોલીસે કુલ પાંચ આરોપીઓ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર સીટી પોલીસ ટીમે મળેલ પૂર્વ બાતમીને આધારે લુણસરીયા ફાટક પાસે વોચમાં હોય તે દરમિયાન રેનોલ્ટ કંપનીની ક્વિડ કાર રજી.નં. જીજે-૦૩-જેઆર-૬૫૩૪ વાળી કાર ત્યાંથી પસાર થતા, તેને રોકી તેની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ કિ.રૂ.૩૨,૪૦૦/- મળી આવી હતી, આ સાથે કારમાં સવાર ચાર આરોપી તરૂણ ગજેન્દ્રભાઈ કુબાવત ઉવ.૩૧, સચિન ઉર્ફે ચચો ઉવ-૩૭, મનદિપસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા ઉવ-૨૪ તથા ચેતનસિંહ નાથુભા જાડેજા ઉવ-૨૫ ચારેય રહે- વાંકાનેર ભાટીયા સોસાયટી વાળાની અટકાયત કરવામાં આવી છે, જ્યારે પકડાયેલ ચારેય આરોપીના જણાવ્યા અનુસાર આ વિદેશી દારૂનો જથ્થો થાનગઢ જી.સુ.નગર વાળાએ ભરી આપ્યો હોય, જેથી તેને વોન્ટેડ જાહેર કરી, વાંકાનેર સીટી પોલીસે કાર તથા વિદેશી દારૂ સહિત કિ.રૂ.૧,૮૨,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી ફરાર આરોપીને ઝડપી લેવા કવાયત શરૂ કરી છે.

# જામનગર જિલ્લાના બોટ માલિકોને તાત્કાલિક અસરથી દરિયામાંથી બોટો પરત બોલાવી લેવા તથા દરિયામાં ન જવા સૂચના



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, દેશમાં તાજેતરમાં પ્રવર્તતી પરીસ્થિતીને ધ્યાને લેતાં નજીકના સમયગાળામાં દેશ વિરોધી તત્વો દ્વારા દરિયાઈ માર્ગ મારફત કે વિસ્તારોમાં દેશદ્રોહી પ્રવૃતિની સંભાવના રહેલ હોય, માછીમારો તથા માછીમારી બોટોની સલામતી હેતુસર માછીમારી બોટોને દરીયામાં માછીમારી કરવા જવા માટેના ટોકન ઇસ્યુ કરવાનુ બંધ કરવામાં આવ્યું છે. તથા દરીયામાં રહેલ તમામ બોટોને તાત્કાલીક અસરથી પરત ફરવા મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.જેને લઈને જામનગર મત્સ્યોદ્યોગ નિયામકશ્રી દ્વારા જામનગર જિલ્લાના બોટ માલીકોને પરીસ્થીતીને ધ્યાને લઇ દરીયામાં રહેલ તમામ બોટોને તાત્કાલીક અસરથી પરત બેલાવી લેવા તથા ટોકન બંધ કરવામાં આવેલ હોવાથી કોઈપણ માછીમારી બોટોએ દરીયામાં ન જવા સૂચના આપવામાં આવી છે.માછીમારોએ કોઇ શંકાશીલ કે ગેરકાનુની પ્રવૃત્તિ કરતા વ્યક્તિ અથવા રાષ્ટ્રિય સુરક્ષા વિરોધી કોઈપણ કાર્ય કરતા જણાય કે કોઈ શંકાશીલ બોટ.વસ્તુ.વ્યક્તિની મુવમેન્ટ ધ્યાને આવે તો તાત્કાલીક નજીકના ઈન્ડીયન નેવી.પોલીસ સ્ટેશન.કોસ્ટગાર્ડ.સુરક્ષા એજન્સીને જાણ કરવી.જિલ્લાના તમામ મત્સ્યકેન્દ્રો પરના માછીમારો, બોટ હોડીઓના માલિકો, આગેવાનો, મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ એસોશીએશનોના હોદેદારોને ઉપરોકત સૂચનાઓનું ગંભીરતા પૂર્વક પાલન કરવા અંગેની સૂચના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક જામનગર દ્વારા આપવામાં આવી છે.

# વાંકાનેરના ભીમગુડા ગામની સીમમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઇ, પોલીસને જોઈ બે આરોપી નાસી ગયા

**૩૦૦ લીટર ગરમ આથો, ૧૮૦૦ લીટર ઠંડો આથો, ૯૦ લીટર ગરમ દેશી દારૂ તથા ભઠ્ઠીના સાધન સહિત ૭૫ હજારનો મુદ્દામાલ જપ્ત**

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકા પોલીસે ભીમગુડા ગામે દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપી લીધી હતી, જ્યારે દરોડા દરમિયાન બે આરોપીઓ નાસી ગયા હતા, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો અને ગરમ આથો મળી કુલ ૨૧૦૦ લીટરનો જથ્થો તથા ગરમ દેશો દારૂ સહિત રૂ.૭૫,૪૫૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જ્યારે પોલીસ દૂરથી આવતા જોઈ બન્ને આરોપીઓ નાસી ગયા હતા, જેથી તેને ફરાર દર્શાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેર તાલુકાના વીરપર ગામથી ભીમગુડા જવાના રસ્તે ગણેશભાઈની વાડી પાસે આવેલ પાણીના ખાડા નજીક ખરાબામા દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચાલુ હોય જે મુજબની બાતમીને આધારે ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર દેશી દારૂ બનાવવાનો આથો ગાળી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઉપર વાંકાનેર તાલુકા પોલીસે રેઈડ કરી હતી, રેઈડ દરમ્યાન સ્થળ પરથી ગરમ આથો લીટર-૩૦૦ કિ.રૂ.૭૫૦૦/- તથા ઠંડો આથો લીટર-૧૮૦૦ કિ.રૂ.૪૫,૦૦૦/- તથા દેશી દારૂ લીટર-૯૦ કી.રૂ.૧૮,૦૦૦/- તથા ભઠ્ઠીના સાધનો કી.રૂ.૪૯૫૦/- મળી કુલ કીં.રૂ.૭૫,૪૫૦/- ના મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે પોલીસને દૂરથી આવતી જોઈ બન્ને આરોપીઓ નાસી છૂટ્યા હતા,

જે પૈકી એક આરોપી મહાદેવભાઈ દેવશીભાઈ કોળી રહે.વિરપર તા.વાંકાનેર જી.મોરબી વાળો ઓળખાય જઈ તથા તેની સાથેનો એક અજાણ્યા માણસ ઓળખાયો ન હોય, ત્યારે પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ તથા તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના માધાપર વિસ્તારમાં નશાની હાલતમાં પડી ગયેલા વૃદ્ધનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના મહેન્દ્રપરા શેરી.નં.૧૨ માં રહેતા ૬૪ વર્ષીય વૃદ્ધનું નશાની હાલતમાં માધાપર વિસ્તારમાં શેરીનં.૧૨ના નાકા પાસે પડી જતાં ગંભીર ઇજા થઈ હતી. માથાના ભાગે ઇજા થતા તેમનું સ્થળ પરજ મૃત્યુ નીપજ્યું હતું. એ ડિવિઝન પોલીસ દ્વારા મૃત્યુના બનાવ અંગે કલમ ૧૯૪ મુજબ નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરના સીટી એ ડીવી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત મુજબ કિશોરભાઇ ધનજીભાઇ અદગામા ઉવ. ૬૪ તેઓ મહેન્દ્રપરા શેરી નં-૧૨ માં રહેતા હતા. તેઓને લાંબા સમયથી ડાયાબીટીસની તકલીફ હતી. ત્યારે ગઈકાલ તા. ૦૯/૦૫/૨૦૨૫ ના રોજ વહેલી સવારે દારૂના નશામાં તેઓ તેમના ઘરથી થોડે દૂર માધાપર શેરી નં.૧૨ ની શેરીના નાકા પાસે પડી ગયા હતા. આ સમયે માથાના પાછળના ભાગે ગંભીર ઇજા થતાં લોહી નિકળી ગયું અને તેમનું ઘટના સ્થળ પરજ મૃત્યુ થયું હતું.

# મોરબી આયુષ હોસ્પિટલમાં ૭૫ વર્ષીય વૃદ્ધના મણકાની જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી પોરબંદરના ૭૫ વર્ષના વૃદ્ધ પડી જતા પીઠના ડી૧૧-ડી૧૨ મણકાની ભાંગ તૂટ થઈ હોય, જેથી ઊભા રહેવામાં અને ચાલવામાં ભારે તકલીફ થઈ હતી. ઉમરના કારણે મણકા પોલા અને હૃદય માત્ર ૪૦% કાર્યરત હોવા છતાં મોરબી આયુષ હોસ્પિટલના ન્યુરો વિભાગના ડોક્ટર અને એનેસ્થેટિક ડોક્ટરના માર્ગદર્શન હેઠળ સીમેન્ટ સાથે સ્ક્રૂ લગાવી સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

મોરબી આયુષ હોસ્પિટલના ન્યુરો સર્જન વિભાગે વધુ એક સફળતા મેળવી, ગંભીર કેસમાં આશાજનક પરિણામ આપ્યું છે. જેમાં પોરબંદરના ૭૫ વર્ષના દાદાને ઘરે પડી જતા પીઠના ડી૧૧ અને ડી૧૨ મણકામાં ફ્રેક્ચર થયું હતું. તેને કારણે દાદાને ઊભા રહેવા, ચાલવામાં ખૂબ તકલીફ થતી (para-paresis) અને કમરમાં અસહ્ય દુખાવો (backpain) થતો હતો. વધુ ઉમર હોય જેથી મણકા પણ પોલા (osteoporo-sis) થયા હતા, જેથી ઓપરેશન વખતે સ્ક્રૂ ફેઈલ થવાનો પણ ભય હતો. તેમ જ, દાદાનું હૃદય માત્ર ૪૦% કાર્યરત હોવાથી સર્જરીમાં જીવનું જોખમ પણ હતું. આવા કપરા સંજોગોમાં મોરબી આયુષ હોસ્પિટલના કુશળ ન્યુરો સર્જન ડૉ. પ્રતિક પટેલ અને એનેસ્થેટિસ્ટ ડૉ. અદિતિએ નવીન તકનિકીથી ઓપરેશન કર્યું હતું. તેમણે સીમેન્ટ સાથે સ્ક્રૂ (cement with screw) નો ઉપયોગ કરીને મણકા સ્થિર કર્યા અને સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડ્યું હતું.

# જામનગરમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન સાથે બેઠક યોજી આરોગ્ય વિષયક સેવાઓ અંગે સમીક્ષા કરતા રાજ્યના મહેસૂલ વિભાગના સેટલમેન્ટ કમિશનર બી.એ.શાહ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા તંગદિલીના પ્રવર્તમાન વાતાવરણમાં જામનગર સરહદી જીલ્લો હોવાથી ગંભીર પરિસ્થિતિ સર્જાય તો તેને પહોચી વળવા માટે રાજ્યના મહેસૂલ વિભાગના સેટલમેન્ટ કમિશનર બી.એ.શાહની અધ્યક્ષતામાં અને જામનગર જીલ્લા કલેક્ટર કેતન ઠક્કરની ઉપસ્થિતિમાં સતર્કતાના ભાગરૂપે આરોગ્ય વિષયક સેવાઓને લઈને સજ્જતા અંગે ઈન્ડિયન મેડીકલ એસોસિએશન (IMA) સાથે બેઠક યોજવામાં આવી હતી જેમાં જરૂરી તમામ મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.રાજ્યના મહેસૂલ વિભાગના સેટલમેન્ટ કમિશનર બી.એ.શાહે મેડીકલ ઈમરજન્સી સર્જાય તો તેની તકેદારીના ભાગરૂપે જામનગરની જી.જી.હોસ્પિટલના વડા તથા પ્રાઈવેટ હોસ્પિટલોના ડોકટરોએ હોસ્પિટલોમાં ઉપલબ્ધ આરોગ્ય વિષયક સુવિધાઓ



અંગેની વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં ઓપરેશન થીએટર, આઈસીયુ, બ્લડનો જથ્થો, દવાઓનો સ્ટોક, મેડીકલ ઉપકરણો, ડોક્ટરોની ટીમ સ્ટેન્ડબાય રાખવા વગેરે મુદ્દાઓ અંગે ચર્ચા કરી તકેદારીના ભાગરૂપે એલર્ટ રહેવા અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

જામનગર જીલ્લો સરહદી જીલ્લો હોવાથી જરૂર પડ્યે જો બ્લેકઆઉટની સ્થિતિ સર્જાય તો હોસ્પિટલોમાં કોઇપણ પ્રકારની મુશ્કેલી ન સર્જાય અને લોકોને ત્વરિત સુવિધાઓ અને સારવાર મળી રહે તે માટે જનરેટર સહિતના ઉપકરણો સુનિશ્ચિત કરવા જીલ્લા કલેકટર કેતન ઠક્કરે સુચન કર્યું હતું. તથા જરૂર પડ્યે લોકોને તમામ સ્વાસ્થ્ય સેવાઓ ત્વરિત મળી રહે તે પ્રકારે આયોજન હાથ ધરવા જણાવ્યું હતું.આ બેઠકમાં ઇન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા કોઇપણ પરિસ્થિતિમાં ખડેપગે તૈયાર રહી લોકોની તથા દેશના જવાનોની મદદ કરવા સંપૂર્ણ તૈયારી અને સજ્જતા દર્શાવી હતી.આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જી.જી.હોસ્પીટલના તબીબી અધિક્ષક ડો.દીપક તિવારી,આયુર્વેદ હોસ્પીટલના તબીબો,આઈએમએના પ્રેસિડેન્ટ ડો.મેહુલ પોરેચા, આઈએમએના સભ્યો,વિવિધ બ્લડબેંકના પ્રોફેસરો, સેક્રેટરીઓ,કેમિસ્ટ એસોસીએશન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી જીલ્લા પોલીસની જરૂરી સૂચનાઃ રાષ્ટ્રવિરોધી પોસ્ટ સામે સખત કાર્યવાહી થશે

**સોશિયલ મીડિયામાં ફેક ન્યુઝ કે દેશવિરોધી પોસ્ટ ન કરવા જનતાને ચેતવણી**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવના કારણે મોરબી જીલ્લા પોલીસે મહત્વની સૂચના આપી છે કે કોઈએ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી પોસ્ટ કે ફેક ન્યુઝ ન મૂકવી. સાયબર ક્રાઈમ સેલ બાજ નજર રાખી રહી છે અને આવા કિસ્સામાં કડક પગલા લેવાશે.

મોરબી જીલ્લા પોલીસ તરફથી મહત્વની સૂચના જાહેર કરવામાં આવી છે. જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને લઈ જનતાને ચેતવણી આપવામાં આવી છે કે કોઈ પણ વ્યક્તિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર એવી કોઈ પોસ્ટ ન કરે કે જે ભારતની એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડતી હોય અથવા ખોટી માહિતી (ફેક ન્યુઝ) હોય. ખાસ કરીને એવી પોસ્ટ કે જે ભારતની સેના અને જવાનોના મનોબળને અસર કરતી હોય, તેને સખત નિષેધ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મોરબી જીલ્લા સાયબર ક્રાઈમ વિભાગ સતત સોશિયલ મીડિયા પર નજર રાખી રહ્યા છે અને જો કોઈ વ્યક્તિ આવા કૃત્યમાં સામેલ હોવાનું જણાશે તો તેની સામે તાત્કાલિક કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

# સમાચાર સંક્ષીપતમાં

## મોરબીમાં વિવિધ વિસ્તારોમાં ડામર રોડ રીસર્ફેસિંગનું કાર્ય ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના મહત્વના રસ્તાઓ પર ડામર રોડ રીસર્ફેસિંગનું કાર્ય ટૂંક સમયમાં શરૂ થવાનું છે. અલગ અલગ વિસ્તારોમાં મોટા ભાગના રસ્તાઓ ફરીથી તૈયાર કરાશે, જેથી વાહનચાલકોને સારી સુવિધા મળી રહે. મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખા દ્વારા શહેરના રસ્તાઓને વધુ સુધારવા માટે વિશિષ્ટ આયોજન હાથ ધરાયું છે. જેમાં યદુનંદન ગેટથી આવાસ યોજના સુધી (લીલાપર રોડ), વિજય ટોકીઝથી સૌરાષ્ટ્ર હેર ડ્રેસર સુધી, પુનમ મોબાઈલથી શિવાની સીઝન સેન્ટર સુધી તથા સુપર ટોકીઝથી ત્રિકોણબાગ સુધીના વિસ્તારોમાં ડામર રોડ રીસર્ફેસિંગનું કાર્ય ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે તેમ મહાપાલિકા નાયબ કમિશ્નરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## એબીવીપી દ્વારા મહારાણા પ્રતાપસિંહજીની જન્મજયંતિ પર પુષ્પહાર અર્પણ

મોરબી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ૯ મે ના રોજ મહારાણા પ્રતાપસિંહજીની જન્મજયંતિ નિમિતે મહારાણા પ્રતાપ સર્કલ ખાતે પુષ્પહાર અર્પણ કરી વીર યોદ્ધાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. મોરબી શહેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ભારતના વીર યોદ્ધા અને મા ભારતીના સપૂત મહારાણા પ્રતાપસિંહજીની જન્મજયંતિ નિમિતે એટલે કે ૦૯ મે ના રોજ મહારાણા પ્રતાપ સર્કલ ખાતે કાર્યક્રમ યોજી મહારાણા પ્રતાપસિંહજીને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા. આ તકે મોરબી ના કાર્યકર્તાઓ અને ઉપસ્થિત લોકોએ વીર યોદ્ધાની શૌર્યગાથાને સ્મરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## મોરબીના બીલીયા ગામે જામગરી બંદૂક સાથે વૃદ્ધની અટક કરાઈ

મોરબી તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે બીલીયા ગામની સીમમાં પાસ પરમીટ કે પરવાના વિનાની દેશી હાથ બનાવટની જામગરી બંદૂક કિ.રૂ.૨,૦૦૦/- સાથે ૬૫ વર્ષીય જલાઉદીનભાઈ ઉર્ફે અલાઉદીન હારૂનભાઈ કાજેડી રહે. કાજરડા ગામ તા.માળીયા(મી) વાળાને ઝડપી લેવામાં આવેલ છે, આ સાથે જામગરી બંદૂક સાતગે પકડાયેલ આરોપી વિરુદ્ધ તાલુકા પોલીસે આર્મ્સ એક્ટ તેમજ જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

## માળીયા(મી)ના વાડા વિસ્તારમાંથી વિદેશી દારૂની બે બોટલ સાથે બુટલેગર ઝબ્બે

માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ટાઉનના વાડા વિસ્તારમાં જુના રેલ્વે સ્ટેશન તરફ જવાના રસ્તે શંકાસ્પદ હાલતમાં નીકળેલ એક શખ્સને રોકી તેની અંગ ઝડતી કરતા આરોપી સીરાજ કરીમભાઈ સંઘવાણી ઉવ.૨૧ રહે. માળીયા(મી) વાડા વિસ્તાર વાળાના પેન્ટના નેફામાંથી વિદેશી દારૂ વાઈટ લેસ ઓરેન્જ ફ્લેવરની ૨ નંગ બોટલ કિ.રૂ.૧,૨૧૪ મળી આવી હતી, જેથી તુરંત આરોપીની અટક કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના લીલાપર રોડ ઉપર રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૧૮ બોટલ ઝડપાચી, આરોપી ફરાર જાહેર

મોરબી શહેરના લીલાપર રોડ સ્થિત જય ભારત નળીયાના કારખાના સામે આવેલ મનહરભાઈ વઢેકીયાના રહેણાંક મકાનની ઓરડીમાં સીટી એ ડિવિઝન પોલીસે દરોડો પાડી ઈંગ્લીશ દારૂની ૧૮ બોટલ કિ.રૂ.૫,૪૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવાયો છે, જ્યારે દરોડા દરમિયાન આરોપી મનહરભાઈ ગોપાલભાઈ વઢેકીયા સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી, એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

## મોરબીમાં માંગરની વાડી વિસ્તાર નજીક વિદેશી દારૂની ૪ બોટલ સાથે એક પકડાયો, દારૂ આપનારનું નામ ખુલ્યું

મોરબી શહેરના શનાળા રોડ મોમ્સ હોટલ પાછળ માંગરની વાડી વિસ્તારમાં રહેતો મનસુખભાઇ વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોવાની પૂર્વ બાતમીને આધારે એ ડિવિઝન પોલીસ ટીમે રેઈડ કરતા, આરોપી મનસુખભાઇ પરષોત્તમભાઈ મકવાણા ઉવ.૨૫ માંગરની વાડી વિસ્તારમાં જવાના રસ્તા પાસેથી વિદેશી દારૂની ચાર બોટલ કિ.રૂ. ૧,૨૦૦/- સાથે રંગેહાથ ઝડપાઇ ગયો હતો. આ સાથે પોલીસે પકડાયેલ આરોપીની સઘન પૂછ્તાછ કરતા આ વિદેશી દારૂ પોતે આરોપી લાલજીભાઈ રમેશભાઈ કંજારીયા રહે. વજેપર શેરી નં.૧૬ વાળા પાસેથી લઈ આવ્યાનું જણાવતા, પોલીસે તેને ફરાર દર્શાવી, બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉનાના ભાચા કાંધી રોડ વરસાદી પાણી ભરાતા એક બાઈક પાણીમા ગરકાવ



**મુખ્ય સમાચાર, ઉના (અબ્દુલ પઠાણ)**

ઉના પંથકમાં બે દિવસથી વાતાવરણ પલટાતાં કાળા ડીબાંગ વાદળો બંધાતા ભર ઉનાળે ધોધમાર વરસાદ વરસતા એક રાહદારી અને બાઈક પાણી મા તણાતા આજુબાજુ ખેડૂત ભાઈએ બાઈક અને બાઈક સવાર ને ધસમસતા પ્રવાહમાં જીવ જોખમમાં મૂકી ને ખેડુત ભાઈએ માણ મુશીબતે તણાઈ ગયેલા વ્યક્તિ અને બાઈક ને પાણીની બહાર કાઢીયા હતાં આ વાતાવરણના પગલે ભારે પવન તથા વિજળીના કડાકા વચ્ચે જોરદાર વરસાદના પગલે રસ્તાઓ ઉપર પાણી આવી ગયા હતા.

# આપાતકાલીન સ્થિતિની તૈયારી માટે વિવિધ સંસ્થાઓ સાથે બેઠક યોજતા રાજકોટ જિલ્લા કલેક્ટર

### દવાઓ, બ્લડ સ્ટોક અને મેડિકલ સેવાઓ, ફૂડ પેકેટ્સ સહિતની તૈયારીઓ અંગે વિગતવાર ચર્ચા




**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને રાજકોટ જિલ્લા ક્લેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આજે જિલ્લાની વિવિધ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં કોઈપણ આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા મેડિકલ સેવાઓ, ફૂડ પેકેટ, નિવાસ સહિતની જરૂરી બાબતો અંગે સંસ્થાઓની ક્ષમતા અને તૈયારીઓની વિગતો મેળવી પૂર્વ તૈયારીઓનું ઝીણવટપૂર્વક આયોજન હાથ ધરાયું હતું.

કલેક્ટરશ્રીએ દેશ અને સમાજમાં વિવિધ પરિસ્થિતિઓમાં સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકાને મહત્ત્વની ગણાવી હતી. આ બેઠકમાં ઈમરજન્સીની સંભવિત સ્થિતિમાં જરૂરી વિવિધ પાસાઓ અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં સિવિલ હોસ્પિટલ તેમજ વિવિધ બ્લડ બેન્કોમાં બ્લડ સ્ટોક વિશે માહિતી મેળવતા સ્થાનિક આરોગ્ય તંત્રની જરૂરિયાત અનુસાર બ્લડ ડોનેશન કેમ્પમાં નાગરિકોને જોડાવવા અનુરોધ પણ કરાયો હતો.

આ ઉપરાંત, વધુ રક્તદાન કેમ્પ યોજવા અને રક્તદાતાઓની યાદી અપડેટ રાખવા સહિતની બાબતો પર ભાર મુકાયો હતો.

આ બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ (ઈલેક્ટ) ડૉ. યજ્ઞેશ પોપટ તેમજ રાજકોટના અન્ય સભ્યોએ કોઈપણ મેડિકલ ઈમરજન્સીની સ્થિતિમાં આઈ.એમ.એ.ની ટીમ સિવિલ હોસ્પિટલ સાથે સંકલનમાં રહીને ખડેપગે હોવાનું જણાવ્યું હતું. તેમણે વિવિધ સર્જન, ફિઝિશિયન તેમજ નર્સિંગ સહિતની ટીમ, વિવિધ હોસ્પિટલ્સમાં બેડ સહિતની સારવારની વ્યવસ્થાઓ તેમજ રક્ત આપૂર્તિ માટે પણ તૈયારી હોવાની ખાતરી આપી હતી. જરૂર પડ્યે આઈ.એમ.એ.ની ટીમને અન્ય જિલ્લાઓમાં મોકલવાની તૈયારી પણ તેમણે દર્શાવી હતી.

ઉપરાંત વિવિધ સંસ્થાઓ પાસે રહેલા મેડિકલ સાધનો જેવા કે ઓક્સિજન બોટલ્સ, વ્હીલચેર, આરામ માટે બેડ, એમ્બ્યુલન્સ, દવાઓ સહિતની વ્યવસ્થાઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. વિવિધ સંસ્થાઓએ ફૂડ પેકેટ્સ તેમજ કોઈપણ સ્થિતિમાં સેવા માટે પોતાના સ્વયંસેવકો તૈયાર હોવાની તૈયારી દર્શાવી હતી.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ સિવિલ ડિફેન્સની વ્યવસ્થા અંગે સૌને માહિતી આપી હતી અને જરૂર પડ્યે સંસ્થાઓના સ્વયંસેવકોની સેવા સિવિલ ડિફેન્સ હેઠળ લેવા જણાવ્યું હતું. કલેક્ટરએ સોશિયલ મીડિયા પર ચાલતા ફેક ન્યૂઝ અને ખોટી માહિતીના પ્રવાહમાં તણાઈ ના જવાય તે માટે સૌ સંસ્થાઓને જાગૃત અને સાવધ રહેવા અને સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અંગે જણાવ્યું હતું. આ સાથે તેમણે સંસ્થાઓને અધિકૃત માહિતી માટે જિલ્લા વહીવટી તંત્ર તેમજ ગુજરાત સરકાર, કેન્દ્ર સરકારશ્રીના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને તેમના પર મુકાતી માહિતીને ફોલો કરવા ભાર મુક્યો હતો. સંસ્થાઓના સ્વયંસેવકોના ગ્રૂપ્સમાં પણ કોઈ ફેક માહિતી ફોરવર્ડ ના થાય અને અધિકૃત માહિતી જ પહોંચે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ, સિવિલ હોસ્પિટલના અધ્યક્ષ ડૉ. મોનાલી માકડિયા, જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. આર. આર. ફુલમાલી, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વિવિધ સભ્યો તેમજ રેડક્રોસ બ્લડ બેન્ક, બોલબાલા ટ્રસ્ટ, સરગમ ક્લબ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્માકુમારીઝ, ઈસ્કોન, પ્રોજેક્ટ લાઇફ, ખોડલધામ ટ્રસ્ટ, કાઠિયાવાડ બાલાશ્રમ, સ્વાતંત્ર્ય સેનાની શુભેચ્છક પરિવાર, હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાન, સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર, રામકૃષ્ણ આશ્રમ, પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ, બી.એ.પી.એસ. તેમજ અન્ય શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**ફેક ન્યૂઝ અને ખોટી માહિતીથી સાવધ રહેવા, સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવોઃ કલેક્ટર પ્રભવ જોશી**

## પ્રવર્તમાન પરિસ્થિતિમાં આવશ્યક ચીજવસ્તુઓની સરળ ઉપલબ્ધિ અને ભાવ નિયંત્રણ માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર સતર્ક

### દરરોજ ૩૮ આવશ્યક ચીજવસ્તુઓના ભાવોનું સતત મોનીટરીંગઃ જો કોઈ સંગ્રહ કે જમાખોરી કરશે તો કડક કાર્યવાહી થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રવર્તમાન પરિસ્થિતિમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો સરળતાથી મળી રહે તે માટેનું સુદ્રઢ વ્યવસ્થાતંત્ર ગોઠવવાના દિશાનિર્દેશો આપ્યા છે. જે અન્વયે જિલ્લા વહીવટી તંત્ર સતર્ક રહીને કાર્ય કરી રહ્યું છે.

રાજકોટ જિલ્લા પુરવઠા કચેરીએ આ માટે પૂરતા પ્રબંધ કર્યા છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ રહે અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. આ માટે રાજકોટ જિલ્લામાં દરરોજ ૩૮ આવશ્યક ચીજવસ્તુઓના ભાવોનું સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહખોરી (સ્ટોકિંગ) અથવા જમાખોરી (હોલ્ડિંગ) ન થાય તે માટે તમામ વિક્રેતા, રિટેલર, પ્રોસેસર, મિલર અને ઈમ્પોર્ટરશ્રીઓને જરૂરી કાયદાકીય નિયમોનું પાલન કરવા ખાસ તાકીદ કરવામાં આવી છે.

જો કોઈ વ્યક્તિ કે સંસ્થા આવશ્યક ચીજવસ્તુઓના સંગ્રહ કે જમાખોરીમાં સંડોવાયેલી જોવા મળશે, તો તેમના વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વધુમાં જણાવાયું છે કે, જિલ્લામાં પેટ્રોલના સ્ટોક અંગે કોઈ પ્રશ્ન નથી. પેટ્રોલનું કોઈ પણ સ્ટોરેજ ન કરે તે બાબતે ઓઈલ કંપનીઓને સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા છ વર્ષમાં ખાદ્ય પદાર્થોનો છૂટક ફુગાવો (રીટેલ ઈન્ફ્લેશન) હાલ સૌથી ઓછા સ્તરે છે. એટલું જ નહિ, તમામ આવશ્યક ખાદ્ય પદાર્થોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તે ઉપરાંત, ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા પણ ચાલુ છે.

આ સમગ્ર બાબતોને ધ્યાને લઈને તમામ નાગરિકો કોઈ પણ પ્રકારની અફવાઓથી ગેરમાર્ગે દોરાય નહીં અને રાજ્ય સરકાર તથા જિલ્લા વહીવટીતંત્ર પર વિશ્વાસ સાથે સંપૂર્ણ સહકાર આપે, તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગરમાં સેનાની ત્રણેય પાંખને જરૂર જણાયે મદદરૂપ થવા તંત્ર સંપૂર્ણ સજ્જ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,રાજ્યના મહેસૂલ વિભાગના સેટલમેન્ટ કમિશનર બી.એ.શાહે કલેકટર કચેરીના સભાખંડ ખાતે જામનગરમાં આવેલ સેનાની ત્રણેય પાંખોના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લાના વિવિધ વિભાગોના અગ્રણી અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વર્તમાન પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવાનો અને કોઇ આકસ્મિક સંજોગો સામે જિલ્લા વહીવટી તંત્રની સજ્જતાની સમીક્ષા કરવાનો હતો. બી.એ.શાહે બેઠકની શરૂઆતમાં એરફોર્સ, આર્મી અને નેવીના અધિકારીઓને મેડીકલ સહાય, સાધનો તથા માનવબળ સહાય વિગેરે અંગે જિલ્લા વહીવટી તંત્ર તરફથી અપેક્ષિત મદદ તથા આકસ્મિક સંજોગોમાં નાગરિકોની સલામતી અને સુરક્ષા સંબંધે વહીવટી તંત્રના ધ્યાને મુકવા અંગેની કામગીરીની માહિતી મેળવી હતી. તેમણે જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર




દ્વારા સેનાને કોઈપણ પ્રકારની મદદ કે સહાય પૂરી પાડવા માટે સંપૂર્ણ તત્પરતા દર્શાવી હતી. આ બેઠકની શરૂઆતમાં ઉપરોકત માહિતી મેળવી ઉપસ્થિત એરફોર્સ, નેવી, આર્મીના પ્રતિનિધિઓનો આભાર માની તેમને બેઠકમાંથી તુર્ત રજા આપવામાં આવેલ.બેઠક દરમિયાન શાહે જિલ્લામાં ઉપલબ્ધ ફાયર ફાઈટર સહિતના સંસાધનો, હોસ્પિટલોમાં દવાઓ, બેડ, સ્ટાફ અને તબીબી સાધનોની પૂરતી વ્યવસ્થા અંગે માહિતી મેળવી હતી. તેમણે કોઈપણ પરિસ્થિતિમાં વીજ પુરવઠો જળવાઈ રહે તે માટેની તૈયારીઓ, જિલ્લાના માર્ગો પરિવહન માટે ખુલ્લા રહે તે સુનિશ્ચિત કરવા માટેની કામગીરી અને પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે લેવામાં આવેલા પગલાંની સમીક્ષા કરી હતી.

વધુમાં, ઈન્ટરનેટ અને ટેલિફોન સેવાઓ સતત કાર્યરત રહે, જરૂરી વાહનોની વ્યવસ્થા જળવાઈ રહે, દરિયામાં ગયેલા માછીમારોને પરત બોલાવવા અને તેમની યાદી તૈયાર કરવી, ડેમેજ હેલ્પલાઇનને તાત્કાલિક રિપેર કરવી, પાણી પુરવઠો પહોંચાડવો, ફૂડ પેકેટ અને જરૂરી ઇંધણની વ્યવસ્થા તેમજ એમ્બ્યુલન્સની ફાળવણી વગેરે જેવી બાબતો અંગે તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની માહિતી મેળવીને શાહે સંતોષ વ્યક્ત કર્યો હતો અને ઉપસ્થિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે તમામ વિભાગોને કર્મચારીઓની રાઉન્ડ ધ ક્લોક ડ્યુટી ફાળવવા અને જરૂર પડ્યે સેનાને મદદરૂપ થવા માટે સજ્જ રહેવા પણ સૂચન કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે સેટલમેન્ટ કમિશનરને જિલ્લાની વર્તમાન પરિસ્થિતિથી અવગત કરાવ્યા હતા અને તમામ વિભાગોને પરસ્પર સંકલન જાળવીને અત્યંત જાગૃતિ અને તત્પરતા સાથે પોતાની ફરજો નિભાવવા ભારપૂર્વક જણાવ્યું હતું.આ મહત્વપૂર્ણ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક કલેક્ટર બી.એન. ખેર, તેમજ આર્મી, એરફોર્સ, નેવી, સિક્કા થર્મલ પાવર સ્ટેશન, રિલાયન્સ, નયારા, આઈ.ઓ.સી. સહિત જિલ્લાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિતિ રહ્યા હતા.

## જામનગર જી.જી.હોસ્પિટલ ખાતે યુદ્ધના ધોરણે વધારાની વ્યવસ્થા ઉભી કરાઇ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાને એલર્ટ પર મુકાયો છે.ભારત પાકિસ્તાન સરહદે સ્થિતિ હજુ થાળે પડી નથી બલ્કે વણસે તેવી શકયતા છે.યુદ્ધના અણસાર ને જોતા જામનગરની જી.જી.હોસ્પિટલનું તંત્ર સતર્ક થયું છે. હોસ્પિટલમાં ૧૦૦ બેડ ,દવાના જથ્થા બ્લડ બેન્ક બ્લડ ઉપલદ્ધ રાખેલ છે તેમજ ડોક્ટરો અને મેડિકલ સ્ટાફ રાઉન્ડ ધી કલોક હાજર રહેવા સૂચના આપી હોવાનું હોસ્પિટલ ના અધિક્ષક ડો.તિવારીએ જણાવ્યું હતું. હોસ્પિટલ ખાતે ફાયરબ્રિગેડની ટીમ પણ સ્ટાફ સાથે સજ્જ



રખાય છે.ગૃહવિભાગે મોરચો સંભાળ્યો છે ત્યારે રાજ્ય આરોગ્ય વિભાગ પણ એલર્ટ મોડમાં આવ્યુ છે. તમામ સરકારી હોસ્પિટલોને જરૂરી દવાનો જથ્થો રાખવા સૂચના આપી દેવામાં આવી છે. હોસ્પિટલોને પણ જરૂરિયાત મુજબ દવાઓ મોકલવામાં આવી રહી છે. રાજ્યના આરોગ્ય વિભાગની રાજ્યના તમામ ખાનગી સરકારી હોસ્પિટલોને એલર્ટ રહેવા સૂચના અપાઈ છે.યુદ્ધની સ્થિતિમાં ઘાયેલોને સમયસર સારવાર મળી રહે તેની અગમચેતીના ભાગરૂપે જામનગરની સરકારી જી જી હોસ્પિટલમાં ૧૦૦ બેડ સાથે ડોક્ટરો,પેરામેડિકલ સ્ટાફ,જરૂરી દવાનો જથ્થો ઉપલબ્ધ હોવાનું હોસ્પિટલ ના અધિક્ષક ડો.દિપક તિવારી એ જણાવ્યું હતું.ડો દિપક તિવારીએ વિશેષમાં જણાવ્યું હતું કે યુદ્ધના સંજોગોમાં લોહીની જરૂરિયાત ઉભી થાય તો તેના માટે સામાજિક સંસ્થાઓ,સેવાભાવી વ્યક્તિઓ બ્લડ ડોનેશન કેમ્પ યોજવા અપીલ કરી છે. યુદ્ધના સમયે જી જી હોસ્પિટલ ખાતે ખાસ ફાયરબ્રિગેડ ની ટીમ સાધનો સાથે સ્ટેન્ડ બાય રાખી છે.

## રાજકોટ જિલ્લામાં આગામી ત્રણ દિવસ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

### ૧૪મી મે સુધી ભેજવાળું, વાદળછાયું હવામાન રહેવાની આગાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા.૧૦ થી ૧૪ મે દરમિયાન ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે. ઉપરાંત તા. ૧૦ થી ૧૩ મે દરમિયાન વિવિધ વિસ્તારોમાં છૂટોછવાયા હળવાથી ભારે વરસાદ થવાની આગાહી વ્યક્ત કરાઈ છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી



અનુસાર, ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી-તરઘડીયાની યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં ૧૦ થી ૧૪ મે, ૨૦૨૫ દરમિયાન હવામાન ભેજવાળું અને વાદળછાયું રહેવાની શક્યતા છે. ઉપરાંત ૧૩મી મે સુધીમાં છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા પણ છે. આ દિવસોમાં મહત્તમ તાપમાન દિવસ દરમિયાન ૩૬ થી ૩૯ ડિગ્રી સે. જેટલું જ્યારે લઘુત્તમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૧ થી ૨૨ ડિગ્રી સે. જેટલું રહેવાની સંભાવના છે.

આ દિવસોમાં મહત્તમ ભેજનું પ્રમાણ ૮૦-૮૫ જ્યારે લઘુતમ ભેજનું પ્રમાણ ૫૦-૫૫ ટકા રહેશે. પવનની દિશા નૈઋત્ય અને પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૬ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

## ગુજરાત હાઈકોર્ટ અને ખેતી મદદનીશની પરીક્ષા કેન્દ્રો આસપાસ અનઅધિકૃત વ્યકિતઓએ પ્રવેશવા પર પ્રતિબંધ

### પરીક્ષાર્થીઓ પુસ્તક, મોબાઈલ ફોન, ટેબ્લેટ જેવા ઉપકરણો પરીક્ષા ખંડમાં લઈ જઈ શકાશે નહીં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ખેતી મદદનીશ વર્ગ-૩ની કોમ્પ્યુટર બેઝ રિક્રુટમેન્ટ ટેસ્ટ (CBDT) પરીક્ષા, રાજકોટ શહેરમાં ૨ કેન્દ્રો ખાતે તા.૧૧-૦૫-૨૦૨૫ ના રોજ બપોરે ૧૫ કલાકથી ૧૮ વાગ્યા દરમ્યાન તેમજ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા ગુજરાત હાઈકોર્ટ-૨૦૨૪ની લેખિત પરીક્ષા રાજકોટ શહેરમાં અલગ-અલગ ૧૨ કેન્દ્રોમાં તા.૧૧/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦ થી ૧૨ અને ૧૫ થી ૧૭ કલાક સુધી લેવાનાર છે.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તે માટે પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્રોનાં કમ્પાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ અનધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી.

આ ઉપરાંત શાળાઓ, કોલેજો (પરીક્ષા કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહીં, વાહન લઈ જઈ શકશે નહી કે ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થશે નહીં.

પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ચાર્ટ મોબાઈલ ફોન, ટેબ્લેટ વગેરે જેવા ડિજિટલ ઉપકરણો પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જઈ શકાશે નહીં તેમજ કેન્દ્ર આસપાસના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધ મૂક્યા છે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# સાપુતારામાં વાદળુ ફાટતા પુર જેવી સ્થિતિ

### આગામી બે દિવસ ગુજરાતભરમાં માવઠાની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદે વિનાશ વેર્યો છે. ભરઉનાળે વાતાવરણ પલટાતાં ભારે પવન ફૂંકાવવાની સાથે માવઠું થતાં ખેડૂતોના પાકને નુકસાન પહોંચ્યું છે. આ દરમિયાન ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા અને તળેટી વિસ્તારમાં વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. ત્યારબાદ વાદળ ફાટતાં પૂર્ણા નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ



છે. જેના કારણે નિચાળવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતા સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ચાર દિવસ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. ત્યારે આજે (૧૦મી મે)ના રોજ રાજ્યભરના અમુક સ્થળોએ અને ૧૧ મેના રોજ રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં આગામી ૧૨ મેના રોજ ૨૫ જિલ્લામાં માવઠું થશે. જેમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ સહિત સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

જ્યારે ૧૩ મેના રોજ અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં કડાકા સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદ થવાન શક્યતા છે.

## યુદ્ધ સંબંધિત આપત્તિજનક પોસ્ટ મુદ્દે કારખાનેદાર સામે ગુનો, ઝબ્બે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દરેડમાં કારખાનુ ધરાવતા યુવાન સામે પંચ બી પોલીસ માં સોશિયલ મીડિયામાં ભારત-પાક. યુદ્ધ સંબંધિત આપત્તિજનક પોસ્ટ મૂકવા સંદર્ભે ગુનો નોંધાયો હતો. જેમાં પોલીસે આરોપીને પકડી પાડી તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યા મુજબ પંચ-બી પોલીસે ભારત-પાક. યુદ્ધ સંબંધિત આપત્તિજનક પોસ્ટ મુકવા સંબંધે દરેડમાં કારખાનુ ધરાવતા વેપારી મનિષ વલ્લભભાઈ ડાંગરીયા સામે ફરિયાદ નોંધી હતી. જે ફરિયાદમાં જાહેર થયા અનુસાર આરોપીએ પોતાના નામના ફેસબુક એકાઉન્ટ પર ભારત-પાક. યુદ્ધ વચ્ચે ચાલી રહેલી તણાવભરી પરિસ્થિતિને લગત ઘણી બધી પોસ્ટ કરી હતી. જે પોસ્ટથી ભારતના સાર્વભૌમત્વ, એકતા અખંડિતા તથા સુરક્ષા જોખમાય તેવી હોય તેમજ જનતાને ગેર માર્ગે દોરતી હોવાનું ધ્યાનમાં આવતા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

# આજથી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં સિંહની વસ્તી ગણતરીનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, અમરેલી**

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો ૧૬મો વસ્તી અંદાજ-૨૦૨૫ આજે તા.૧૦ થી ૧૩ મે દરમિયાન બે તબક્કામાં યોજવામાં આવશે. જેમાં પ્રાથમિક વસ્તી અંદાજ તા.૧૦ થી ૧૧ મે અને આખરી વસ્તી અંદાજ તા.૧૨ થી ૧૩ મેના રોજ હાથ ધરવામાં આવશે. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજ્યના અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચો.કિમી. વિસ્તારમાં ડાયરેક્ટ બીટ વેરીફીકેશન પદ્ધતિથી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે ગ્રામ્ય કક્ષાએ ઈકો-ડેવલપમેન્ટ કમિટીની સ્થાપના, વન્ય પ્રાણી મિત્ર નક્કી કરવાં, નિયમિત સમયાંતરે નૈસર્ગિક શૈક્ષણિક કેમ્પનું આયોજન, ગીરની વનસ્પતિસૃષ્ટિ તેમજ તૃણાહારી જીવસૃષ્ટિનું નિરીક્ષણ-દેખભાળ તેમજ કૌશલ્યવાન માનવબળ સાથે સ્થાનિક લોકોનો સહકાર લેવો જેવા અવિરત પ્રયાસો કરવામાં આવે છે, જેના પરિણામે સિંહોની પ્રત્યેક વસતી ગણતરી વખતે તેઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા મેક ઈન ઇન્ડિયાના લોગોમાં એશિયાઇ સિંહ સ્થાન પામ્યો છે, ત્યારે વન વિભાગે પણ સિંહોના આશ્રયસ્થાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત ગત વર્ષથી સિંહોને વૈકલ્પિક આશ્રયસ્થાનરૂપે બરડા અભ્યારણ્યમાં વસાવવા તેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી મુકેશ પટેલના નેતૃત્વમાં વન વિભાગ દ્વારા નિયમિત રીતે કરવામાં આવતી સિંહની વસ્તી અંદાજની કામગીરી, મુલ્યાંકન અને સંરક્ષણના પરિણામે રાજ્યમાં ઉત્તરોત્તર સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઓપરેશન સિંદૂરના પગલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ સ્ટાફની રજા રદ

## દવાનો જથ્થો અને સારવાર માટે ૧૫૦૦ના સ્ટાફ સાથે ખાનગી હોસ્પિટલના તબિબોને રખાયા ખડેપગે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે ત્યારે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ એલર્ટ મોડ ઉપર છે. આરોગ્ય વિભાગે રાજકોટ સહીત ગુજરાતભરની ખાસ કરીને સરહદી વિસ્તારથી નજીક આવેલી સરકારી હોસ્પિટલોને ખાસ સુચના આપતા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ગઈકાલે સરકારી અને ખાનગી હોસ્પિટલના તબીબો તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ સાથેની એક મહત્વની મીટીંગ યોજાઈ હતી અને જરૂર પડે સિવિલ હોસ્પિટલમાં ખાનગી હોસ્પિટલના તબીબોને મદદ માટે તૈયાર રહેવા સૂચન કરવામાં આવ્યું છે. ઓપરેશન સિદુર બાદ સરહદી રાજ્ય ગુજરાતને એલર્ટ પર મૂકાયુ છે. ભારત-પાકિસ્તાન સરહદે સ્થિતી હજુ થાળે પડી યુધ્ધના અણસારને જોતાં રાજ્ય આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. યુધ્ધની સ્થિતીમાં ઘાયલોને સમયસર સારવાર મળી રહે તેની અગમચેતીના ભાગરુપે

હોસ્પિટલોમાં ડોક્ટરો સહિત પેરામેડિકલ સ્ટાફને રાઉન્ડ ધ કલોક હાજર રહેવા જણાવાયુ છે અને આરોગ્ય વિભાગના સ્ટાફની રજાઓ પણ રદ કરવામાં આવી છે અને હેડક્વાર્ટર નહી છોડવા સુચના કરવામાં આવી છે. રાજકોટની પીડીયું હોસ્પિટલ ખાતે જરૂરી દવાનો જથ્થો રાખવામાં આવ્યો છે. હાલ દવાના જથ્થા કરતા ૧૫૦ થી વધુ દર્દીઓનો દવાનો જથ્થો રાખવામાં આવ્યો છે.સરકાર દ્વારા જરુરિયાત મુજબ દવાઓ મોકલવામાં આવ્યો હતો. આ ઉપરાત યુધ્ધના સંજોગોમાં લોહીની જરુરિયાત ઉભી થાય તો ખાનગી હોસ્પિટલો સાથે પણ સંકલન કરીને

બ્લડ ડોનેશન કેમ્પ યોજવા જણાવી દેવાયુ છે. હોસ્પિટલોમાં પુરતો વીજળી પુરવઠો જળવાઈ રહે અને વીજળીની વૈકલ્પિક વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. ઉલ્લેખનીય છેકે, ગુજરાતના મેડિકલ એસોસિએશનોએ પણ ગુજરાત આરોગ્ય વિભાગને પુરતો સહયોગ આપવા જણાવ્યું છે. આમ, સરકારી હોસ્પિટલોને ડોક્ટર-પેરા મેડિકલ સ્ટાફ સાથે સજ્જ રખાઈ અને વધારાનો ૧૫૦૦ જેટલા સ્ટાફને સ્ટેન્ડબાય ઉપર રાખવામાં આવ્યો છે. અને ઓપરેશનની જરૂર પડે તબીબોને પણ ખડેપગે રાખવામાં આવ્યા છે.

# નીટ પરીક્ષા કોભાંડમાં મોટુ ષડયંત્ર હોવાની શંકાએ ક્રાઈમ બ્રાંચના અમદાવાદમાં દરોડા

## નીટમાં પાસ કરાવવાના કૌભાંડમાં રોયલ એકેડમીના સંચાલકની આકરી પૂછપરછ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નીટની પરીક્ષામાં ૬૫૦ પ્લસ માર્ક્સ અપાવી દેવાની ગેરંટી લઈને છેતરપીંડી મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે આપના પૂર્વ મહામંત્રી એવા વચેટિયા અને રોયલ એકેડેમીના સંચાલક રાજેશ પેથાણીની ધરપડક કરી તમામની રિમાન્ડ ઉપર પુછપરછ શરૂ કરી છે. ફરાર ત્રણ આરોપીને પકડવા ક્રાઈમ બ્રાંચની ટીમ અમદાવાદ અને સુરત દોડી ગઈ છે. પોલીસે જણાવ્યું હતું કે, રાજેશ પેથાણીએ ફૂલ ચાર વાલીઓ પાસેથી નિટમાં સારા માર્ક મેળવવા માટે સેટિંગ કર્યું હતું અને એક વાલી પાસેથી રૂપીયા લીધાં હતાં. આ કૌભાંડમાં સંડોવાયેલ સુરત અને કર્ણાટકના ટોળકીના સભ્યોની શોધખોળ શરૂ કરી છે. આધારકાર્ડમાં સરનામું બદલવા માટે અમદાવાદના એક એજન્ટની મદદ લીધી હોવાની માહિતીને આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ અમદાવાદ તપાસ અર્થે પહોંચી છે. તપાસમાં સૌરાષ્ટ્રમાં નામી સ્કૂલો ચલાવતાં સંચાલકો પણ તેમ રોયલ એકેડેમીના સંચાલક રાજેશ પેથાણી આણી ટોળકી સાથે સંપર્કમાં હોય જેથી મેડીકલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીને નીટમાં સારા માર્ક અપાવવા લાખો રૂપિયા પડાવ્યાં હોવાનું ચચાઈ રહ્યુ છે.

જતપુરમા અમરનગર રોડ પર સોમનાથ સોસાયટીમાં રહેતાં તુષારભાઈ અરવીંદભાઈ વેકરીયા (ઉ.વ.૪૦) પાસેથી ૩૦ લાખ લઈ પુત્ર દ્રીજને નીટમાં ૬૫૦ થી વધુ માર્ક નહી આવતા ધોરાજીના રાજકોટમાં કાલાવડ રોડ પર આવેલ રોયલ એકેડમીના ચેરમેન રાજેશ હરી પેથાણી, રાજસ્થાનના ઉદયપુરના ધવલ સંઘવી, રાજકોટના વિપુલ મૂળશંકર તેરૈયા તેના ભાઈ સુરત રહેતા પ્રકાશ મૂળશંકર તેરૈયા અને કર્ણાટક બેલગામ રહેતા સીબીએસસીના પરિક્ષાના કો- ઓર્ડીનેટર મનજીત જૈન સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે રોયલ એકેડમી સ્કુલના ચેરમેન રાજેશ પેથાણી અને આપના પૂર્વ મહામંત્રી એવા વચેટિયા વિપુલ મૂળશંકર તેરૈયાની ધરપકડ કરી પાંચ દીવસના રિમાન્ડ ઉપર પુછપરછ કરતા કેટલાક ચોકાવનારા ખુલાસા થયા છે. મારફતે ધવલ સંઘવી સાથે રાજેશે વાત કરેલ હોય અને તેઓના કહેવા મુજબ નીટની પરિક્ષાનું કેન્દ્ર ગુજરાતને બદલે બેલગાવ કર્ણાટક ખાતે કરાવ્યું હતું જમા આધારકાડમા સરનામુ બદલવા માટ અમદાવાદના એક એજન્ટની મદદ લીધી હોય જેને પકડવા માટે રાજકોટ ક્રાઈમ બ્રાંચ ની ટીમ તપાસ માટે અમદાવાદ ગઈ છે. મેડિકલ પ્રવેશ પરીક્ષા ફોર્મ ભરેલ ત્યારે બેલગામનું કરન્ટ એડ્રેસ કર્યું હતું જેથી પરીક્ષા સેન્ટર બેલગાવ આવેલ હતું રોયલ એકેડમી સ્કુલના ચેરમેન રાજેશ પેથાણી અને આપના પૂર્વ મહામંત્રી એવા વચેટિયા વિપુલ મૂળશંકર તેરૈયાની ધરપકડ કરી રાજસ્થાનના ઉદયપુરના ધવલ સંઘવી,સુરત રહેતા પ્રકાશ મૂળશંકર તેરૈયા અને કર્ણાટક બેલગામ રહેતા સીબીએસસીના પરિક્ષાના કો-ઓર્ડીનેટર મનજીત જૈનની શોધખોળ શરૂ કરી છે. પોલીસ કમિશ્નર બજેશ કુમાર ઝા,ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી.બી.બસીયાનીની સુચના હેઠળ પી.આઈ એમ.એન. ડામોર, પી.આઈ એમ.આર. ગોંડલીયા, સી.એચ.જાદવના માર્ગદર્શનથી ટીમના પીએસઆઈ એ. એન. પરમાર અને ટીમ વધુ તપાસ ચલાવી રહી છે.

# ભગવતીપરામાં રહેતા બે બંગાળી કારીગરના મોબાઈલ ફોન એફએસએલમાં મોકલાયા

## પાકિસ્તાન સાથે કનેકશન હોવાની આશંકાએ પોલીસે તપાસ હાથ ધરીઃ એક શખસ છ વર્ષથી રહેતો હતો જ્યારે બીજો હાલમાં આવ્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરામાં રહેતા અને ઈમિટેશનનું કામ કરતા બે બંગાળી શખસોની પોલીસે શંકાના આધારે પુછતાછ હાથ ધરી છે. તેમજ પાકિસ્તાન સાથે કનેકશન હોવાની આશંકાએ બન્નેના ફોન એફએસએલમાં મોકલાયા છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરા વિસ્તારમાં સુખસાગર સોસાયટી માં જોબવર્કનું કામ કરતા બંગાળના વેપારી સહિત ચાર શખસોમાંથી એક શખસ પાકિસ્તાન સાથે સોશ્યલ મીડીયાના માધ્યથી વાતચીત કરતો હોવાની આશંકાએ બી ડીવીઝન પોલીસે બે શખસોની પુછતાછ કરી તેના ફોન હસ્તગત કરી એફએસએલમાં મોકલામાં આવ્યા છે. એમ.એ. કાસ્ટિંગમાં ગત.તા.૧૯ના બંગાળથી આતિફ અને અમન નામના બે શખસો નોકરી માટે આવ્યા હતા.દરમ્યાન ગત.૨૬ના પોલીસ


દ્વારા ભગવતીપરા વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.અને અમનનો ફોન કબજે લેવાયો હતો. અને રવિવારે વેરિફિકેશનની કામગીરી પૂર્ણ થતા ફોન પરત અપાયો હતો.બાદ બાતમી મળી કે બેમાંથી એક શખસને પાકિસ્તાન સાથે સંપર્ક થયો હોવાની આશંકાએ ફરિ કબજે કરી એફએસએલમાં મોકલાયો હતો. પ્રાથમિક તપાસમાં એક શખસ છ વર્ષથી રહી કામ કરતો હતો અને બીજો હાલમાં બંગાળથી કામ કરવા આવ્યો છે. હાલ કંઈ શંકાસ્પદ મળ્યું નથી એફએસએલના રીપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી હાથ ધરાશે.

# પરાબજારમાં નાણાની માંગ કરી ફ્રુટના વેપારી પર ધારીયા-છરીથી હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અલગ અલગ સાત સ્થળે મારામારીની ઘટના સામે આવી હતી. પરાબજારમાં રૂપિયાની માંગણી કરી ફ્રુટના વેપારી ઉપર છરી ધારિયા થી હુમલો કરવામાં આવ્યો હતો. ભીમનગરમાં પારકા ઝઘડામાં છોડાવવા જતાં યુવાન પર હથોડાથી હુમલો થયો હતો. જૂની કોર્ટ પાસે આધેડને બે મહિલા સહિત પાંચ શખ્સોએ લમધાર્યો હતો. ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરામાં રહેતો અને પરાબજારમાં ફ્રુટની લારી રાખી વેપાર કરતો રમઝાન હનીફભાઈ આરબ (ઉ.વ.૨૫) નામનો યુવાન ગઈ કાલે બપોરે પરાબજારમાં પોતાની રેકડીએ હતો ત્યારે અબ્દુલ હબીબભાઈ કાદર નામના શખ્સે આવી રૂપિયાની માંગણી કરતા ફરિયાદી તેને ઓળખતા ન હોવાથી રૂપિયા આપવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ધારિયા, છરી



મારા મારીના અલગ અલગ છ બનાવઃ આધેડને મહીલા સહીત પાંચને ઈજા

વડે હુમલો કરી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. જ્યારે સામાપક્ષે દુધસાગર રોડ પર રહેતો અબ્દુલ હબીબ કાદર (ઉ.વ.૪૮) પણ રમજાને છરી વડે હુમલો કર્યાના આક્ષેપ સાથે સિવિલમાં દાખલ થયો હતો. બીજા બનાવમાં મોટામવા પાસે રૂચી સોસાયટીમાં રહેતો વિરક્રમ વિરજીભાઈ વાઘેલા (ઉ.વ.૩૦) નામનો યુવાન ભીમનગરમાં હતો ત્યારે રણજીત મનજી વાઘેલા, સુરેશ અને રોહીતે ઝઘડો કરી લોખંડના હથોડા વડે માર મારતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આરોપીનો ભાઈ વિપુલ તેની પત્ની સાથે ઝઘડો કરતો હોવાથી છોડાવવા જતાં હુમલો કર્યો હતો.ત્રીજા બનાવમાં કુવાડવા ગામે રહેતા અમિત લલીતભાઈ ખીલોસીયા (ઉ.વ.૨૯)નામનો યુવાન ભુપગઢ ચોકડી પાસે હતો ત્યારે પવાભાઈ અને તેની સાથેના અજાણ્યા શખ્સોએ કોઈ કારણસર પાઈપ વડે માર માર્યો હતો.

ચોથા બનાવમાં ભગવતીપરામાં રહેતો ભરતભાઈ દિપકભાઈ બારોટ (ઉ.વ.૪૬) નામના આધેડ જૂની કોર્ટ પાસે હતા ત્યારે અજાણ્યા ત્રણ શખ્સો અને બે અજાણી મહિલાએ ઢીકાપાટુનો માર માર્યો હતો. પાંચમાં બનાવમાં લક્ષ્મીનગરમાં રહેતા ઝાહીરખાન આફ્રિદખાન (ઉ.વ.૪૧) નામના યુવાનને અજાણ્યા શખ્સોએ ઢીકાપાટુનો માર મારતા તેને સારવ-ારમાં ખસેડાયો હતો. ઈજાગ્રસ્ત ગોલાની રેકડી ધરાવે છે. આરોપી પરેશ બાવાજીનો પુત્ર તેની બદામ અને મસાલાની ડબી લઈ જતા તે બાબતે કહેવા જતાં હુમલો કર્યોહતો. છઠ્ઠા બનાવમાં કોઠારિયા સોલવન્ટમાં રહેતો રામલાલ નામનો ૨૮ વર્ષીય યુવાનને અજાણ્યા શખ્સોએ કોઈ કારણસર ઝઘડો કરી લમધાર્યો હતો. જ્યારે સાતમાં બનાવમાં રૂખડિયાપરામાં રહેતો દલપત જશાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૧) નામનો યુવન પોપટપરા જેલ પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ધોકા વડે માર મારતા સારવારમાં ખસેડાયો હતો.

# દેશનું સાર્વભૌમત્વ ખંડિત થાય તેવી પોસ્ટ કરનાર ડોક્ટર સામે ગુના નોંધાયો

## વિસાવદરના મોણીયામાં રહેતા એનિમલ ડોક્ટર સામે ફરિયાદઃ ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરતા પોલીસે કડક એક્શન લીધા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

વિસાવદરના મોણીયા ગામના એનિમલ ડોક્ટર દ્વારા ફેસબુક એકાઉન્ટમાં ભારતનું સાર્વભૌમત્વ ખંડિત થાય તેવી પોસ્ટ વાયરલ કરતા તેની સામે પોલીસે ગુન્હો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ વિસાવદર પોલીસે મોણીયા ગામમાં ગઢવાળી શેરીમાં રહેતા એનિમલ ડોક્ટર વલ્લભભાઈ રામજીભાઈ કુંજડીયા ઉ.૬૨ સામે બી.એન.એસ.કલમ ૧૯૭ (૧) (ડી) અન્વયે ગુન્હો દાખલ કર્યો છે, જેમાં જણાવ્યું છે કે, વલ્લભ કુંજડીયા દ્વારા તેના ફેસબુક એકાઉન્ટમાં એક પોસ્ટ વાયરલ કરી હતી, આતંકવાદીઓ દ્વારા થયેલા હુમલાની સ્થિતિએ ધ્યાને લઈ લોકોમાં ભય ફેલાય અને હાલ યુધ્ધ જેવી સ્થિતિમાં ભારતનું



સાર્વભૌમત્વ ખંડિત થાય તેવા ઈરાદા સાથે લખેલું કે, આતંકવાદી હુમલાઓ બંધ કરાવવા, અંધ ભક્તો વગાડો થાળી અને પાડો તાળી, એક રહોંગે તો નેક રહોંગે, બટોગે તો કટોગેના સ્લોગન લખીને પાકિસ્તાનને ભડકવો તેવી પોસ્ટ પોલીસના ધ્યાને આવતા પોલીસેકાર્યવાહી કરી છે.

# અંકલેશ્વરના શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી ૧૬ લાખ પડાવનાર રાજકોટના બે ગઠિયા ઝબ્બે

## એક ગઠિયો રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં આરોગ્ય વિભાગમાં ઓપરેટર



**મુખ્ય સમાચાર, ભરૂચ**

અંકલેશ્વરના શિક્ષક દંપતીને વોટ્સએપ વિડીયો કોલ કરીને ડિઝીટલ એરેસ્ટ કરી ૧૬ લાખની ઠગાઈ કરવાના કારસામાં સાયબર પોલીસે રાજકોટથી બે આરોપીઓને ઝડપી પાડયા છે. જે પૈકીનો એક રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં ઓપરેટર તરીકે નોકરી કરે છે, જયારે બીજો ગેરેજમાં મોટર સાયકલ રીપેરીંગનું કામ કરે છે.

અંકલેશ્વરમાં આવેલી નીલમાધવ સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક દંપત્તી મોતીભાઈ રોહિત તેમજ તેમના પત્નિ પ્રેમીબેનને ૨ મે ના રોજ અજાણ્યા શખ્સોએ વોટ્સએપ વિડીયો કોલ કર્યો હતો. ફોન કરનાર શખ્સ પોલીસ અધિકારીના યુનિફોર્મમાં હોવા સાથે તેણે પોતાનું નામ વિનોય કુમાર હોવાનું અને તે દિલ્હી સાયબર ક્રાઈમનો અધિકારી હોવાનું જણાવ્યુ હતુ. ઉપરાંત દંપત્તિના આધારકાર્ડના આધારે બેંક એકાઉન્ટ ખોલી તેમાં બે કરોડનું ટ્રાન્ઝેકશન કરાયુ હોવાનું અને તેના બદલામાં દંપત્તિને ૨૦ ટકા મળ્યા હોવાથી તેઓ પણ ગુનેગાર હોવાનું જણાવી તેમને ગભરાવ્યા હતા.

બાદમાં તેમને વાતોમાં ભોળવી તેમના ખાતામાંથી બંસીલાલ ટ્રેડર્સ નામના એકાઉન્ટમાં ૧૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. મામલ-ામાં સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરતા રાજકોટના બે ભેજાબાજોની સંડોવણી હોવાનું માલુમ પડતા એક ટીમ તુરંત રાજકોટ પહોંચી હતી જયાંથી અદનાન હૈદર અબ્દુલ મોગલ તેમજ રાહુલ જગદીશ જાદવ નામના બે શખ્સોની ધરપકડ કરાઈ હતી. ઠગાઈના આ કારસામાં અન્ય કોઈ સંડોવાયેલુ છે કે કેમ પોલીસે તેની તપાસ હાથ ધરી છે.

# કોઠારીયા ગામે લગ્નના ત્રીજા મહિને જ યુવકે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા ગામે રહેતા ૨૨ વર્ષીય યુવકે લગ્નના ત્રીજા મહિને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પતિના મોતથી નવોઢાના જીવનમાં રંગ ઊડી ગયા હોય ત્યારે પરિવારમાં શોકની કાલિમા છ્વાઈ જવા પામે હતી. જો કે યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે સામે આવ્યું ન હતું.

આ અંગેની મળતી માહિતી મુજબ, કોઠારીયા ગામ પાસે સરકારી સ્કૂલ પાસે આવેલી ગોપાલ હેરિટેજ નામની બિલ્ડિંગમાં રહેતો અને કારખાનામાં નોકરી કરતો ૨૨ વર્ષીય અર્જુન હરેશભાઈ ડવ નામના યુવકે ગુરુવારે રાત્રિના પોતાના રૂમમાં પંખામાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. મોડે સુધી યુવક પોતાના રૂમમાંથી બહાર ન આવતા પરિવારે તપાસ કરતા તે લટકતો જોવા મળ્યો હોય જેથી દેકારો મચી જવા પામ્યો હતો. આસપાસના લોકોએ તુરંત યુવકને નીચે ઉતારી સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ઈમરજન્સી વિભાગના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો.જે બાદ હોસ્પિટલ ચોકના સ્ટાફે બનાવ અંગે આજીડેમ પોલીસને જાણ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં, મૃતક ત્રણ બહેનમાં એકનો એક ભાઈ હતો. તેના ફેબ્રુઆરી મહિનામાં હેમાલી સાથે લગ્ન થયા હતા. યુવકના પગલાંથી પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે. જો કે યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે સામે ન આવતા આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ હરપાલ સોલંકીએ તપાસ આગળ ધપાવી છે.


# મોરબીના ખાખરાળામાં અકસ્માત જેવી સામાન્ય બાબતનો ખાર રાખી યુવાનની શખ્સે હત્યા કરી'તી

## આશાસ્પદ યુવાનની હત્યાનો ભેદ ખુલ્યોઃ અમદાવાદથી ઝડપાયેલો આરોપી તા.૧૪ સુધીના રિમાન્ડ ઉપર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ખાખરાળા ગામે આશાસ્પદ યુવાનની હત્યા કરનાર આરોપીને પોલીસ અમદાવાદ બસ સ્ટેન્ડમાંથી ઝડપી લઈ પ્રાથમિક પૂછપરછ કરતા આરોપીએ ૬ મહિના પહેલા થયેલા અકસ્માતનું મનદુઃખ રાખીને હત્યા નિપજાવી હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ હત્યાના આરોપીને પોલીસે કોર્ટમાં રજૂ કરતા આગામી તા.૧૪ સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા હોવાનું સામે આવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ મોરબીના ખાખરાળા ગામે રહેતા કિશન કરોતરા નામના ૨૨ વર્ષીય રબારી યુવાનની ગત ! તા.૩૦ના



રોજ રાત્રીના સમયે આરોપી મુળુભાઈ ઉર્ફે સાગર આયદનભાઈ ડાંગર ઉ.વ.૩૩ નામના શખ્સે હત્યા કરી નાખી હતી. હત્યાના આ બનાવમાં પ્રથમ મૃતક યુવાન સામે બંદુક તાકી બંદુક વડે ફાયર કરતા બંદુકથી ફાયર થયેલ નહી. જેથી આરોપીએ છાતીના ભાગે તથા વાસાના ભાગે જમણા ખંભાના ભાગે તથા કાંડાના ભાગે તથા જમણા હાથના પોંચાના ભાગે છરીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા કિશન નામના યુવાનનું મોત થયું હતું.

હત્યાના આ બનાવ અંગે મોરબી ડીવાયએસપી ઝાલાએ જણાવ્યું કે આરોપી મુળુભાઈ ઉર્ફે સાગર આયદનભાઈ ડાંગરને અમદાવાદમાં ગીતા મંદીર બસ સ્ટેશન ખાતેથી ઝડપી લઈ મોરબી લાવવામાં આવ્યા બાદ આરોપીની પ્રાથમિક પૂછતાછમાં મૃતક યુવાન સાથે ૬ મહિના પૂર્વે બાઈક અકસ્માત થયો હતો. જેની બોલાચાલીનો ખાર રાખી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. હાલમાં આરોપીને રિમાન્ડની માંગ સાથે આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તા.૧૪ સુધીના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું જણાવ્યું હતું.

# મનપાના નાયબ કાર્યપાલક ઈજનેરના ભ્રષ્ટાચાર કેસમાં આગોતરા રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા અજયભાઈ વેગડની અપ્રમાણસર મિલ્કત અંગેના ભ્રષ્ટાચારના કેસમાં આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. આ કેસની હકિકત મુજબ રાજકોટ મહાનગરપાલિકામાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા અજયભાઈ મનસુખભાઈ વેગડ (ઉ.વ.૫૨) વિરૂધ્ધ માહિતીઓના આધારે એ.સી.બી.પોલીસે ખાનગી રાહે તપાસ કરતા જણાયેલ હતુ કે, છેલ્લા ૧૦ વર્ષના સમયગાળામાં તેઓની પગારની આવક કરતા તેઓએ વસાવેલ મિલ્કતો રૂા.૭૭ લાખ સુધી અપ્રમાણસર છે. આ અંગે તેમના તથા તેમના પત્નિ અને પુત્રીની અસ્ક્યામતો તથા બેંક બેલેન્સ અને ફિકસ ડીપોઝીટો ધ્યાનમાં લેવામાં આવેલ હતી. એ.સી.બી.ના કેસમાં અપ્રમાણસર મિલ્કતનો આંકડો કાઢવા માટે નસ્ત્રએ.બી.સી.ડી. સ્ત્રસ્ત્ર ફોમ્યુલા બનાવવામાં આવેલ છે, જે મુજબ ૧૦ વર્ષના ટારગેટ પિરીયડમાં સરકારી કર્મચારીની ૧૦ વર્ષની આવક અને ૧૦ વર્ષ દરમ્યાન તેઓએ ખરીદ કરેલ મિલ્કત વચ્ચેનો તફાવત કાઢવામાં આવે છે. આ પ્રોસેસ દરમ્યાન તેમના કુટુંબીઓના નામે વસાવેલ મિલ્કત અને તેઓની સ્વતંત્ર આવક પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

અજયભાઈ વેગડના વર્ષ- ૨૦૧૪ થી ૨૦૨૪ સુધીની આવક અને તેઓએ વસાવેલ મિલ્કતમાં રૂ.૭૭ લાખનો તફાવત જણાય આવ્યો હતો. તેઓના જણાવ્યા પ્રમાણે તેમના પત્નિ અને તેમની પુત્રી ઈમિટેશનનો ધંધો કરી દર વર્ષે લાખોની આવક મેળવે છે. આ અંગે પત્નિ અને પુત્રીની પુછપરછ કરતા અને તેઓના નિવેદનો નોંધતા તપાસનીશ અમલદારને જણાયેલ કે, ઈમીટેશન જવેલરી કોની પાસેથી ખરીદેલ અને અને કોને વેચેલ છે તે અંગેના કોઈ જ નામ કે સરનામા તેઓ જણાવી શકેલ નહી. આ કારણસર પત્નિ અને પુત્રીની આવકને કાયદા મુજબ અજયભાઈ વેગડની જ આવક ગણવામાં આવી હતી. અપ્રમાણસર મિલ્કત અંગેના ભ્રષ્ટાચારના કેસમાં નાયબ કાર્યપાલક ઈજનેર અજયભાઈ વેગડે પોલીસ ધરપકડની દહેશતે કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલો જતા બંને પક્ષની રજૂઆતો બાદ સરકાર પક્ષે કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ખાસ અદાલતના જજ વી. એ. રાણાએ નાયબ કાર્યપાલક ઈજનેર અજયભાઈ વેગડની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# જામકંડોરણા પાસે ખનીજ ખનન માફિયાઓ પર દરોડા



## ખાણખનીજ વિભાગ તથા પોલીસનું ઓપરેશનઃ એક કરોડના વાહનો કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ચાલતા ખનીજ ખનન પર અંતે પોલીસ તથા ખાણખનીજ વિભાગ દ્વારા જામકંડોરણાના લુણાગરા-ઈશ્વરિયા ગામ પાસે નદીમાં થતી રેતીચોરીના કારસ્તાન પર છાપો માર્યો હતો. બે લોડર, પાંચ ડમ્પર મળી ૧.૦૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો

હતો. જો કે ખનન માફિયા હાથ લાગ્યા ન હતા. જામકંડોરણા નજીકની ફોફળ નદીના પટમાંથી રેતીચોરીનું કારસ્તાન ચાલતું હોવાની ધોરાજીના ડીવાયએસપી સિમરન ભારદ્વાજ તથા ખારખનીજ વિભાગના અધિકારી અંકિત ભટ્ટને સંયુક્ત માહિતી મળી હતી જે આધારે બન્ને વિભાગે મળીને દરોડો પાડયો હતો. ટીમો ત્રાટકતા રેતી ખનન કરતાં માફિયા, વાહનચાલકો, મજૂરો મુઠ્ઠીઓ વાળી ગયા હતા. પોલીસ તથા ખાણખનીજ વિભાગે સ્થળ પર રેઢા પડેલા બે લોડર, પાંચ ડમ્પર મળી ૧.૦૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડામાં સાથે પીએસઆઈ બી.ડી. જોશી સ્ટાફ તથા રોયલ્ટી ઈન્સ્પેક્ટર કિશન રાણવા સહિતના જોડાયા હતા.


# રાજકોટ એરપોર્ટ ૧૫ મે સુધી બંધ રહેશે

## એરલાઈન્સ એજન્સીઓએ રી-શેડયુલ અને રીફંડની સુવિધા આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુધ્ધની પરિસ્થિતિ વચ્ચે સુરક્ષાને ધ્યાને લઇ રાજકોટનાં એરપોર્ટને વધુ આગામી તા. ૧૫ સુધી બંધ કરવામાં આવ્યુ છે. એરપોર્ટ મિલિટ્રી સેવા માટે ૨૪ કલાક ખુલ્લુ રહેશે.

ગત તા. ૭ થી ૯ સુધી રાજકોટ સહિત દેશભરના ૧૬ એરપોર્ટ બંધ કરવામાં આવ્યા બાદ વધુ પાંચ દિવસ માટે રાજકોટ એરપોર્ટની તમામ સિવિલ ફલાઈટ બંધ કરવામાં આવતા રાજકોટ એરપોર્ટમાં હવાઈ સેવા પુરી પાડતી ઈન્ડીગો, એર ઈન્ડિયાની મુંબઈ, દિલ્હી, પુના, બેંગ્લોર, હૈદરાબાદ, બેંગ્લોર, ગોવા સહિતની ડેઈલી ૧૦ થી ૧૨ ફલાઈટો કેન્સલ રહેશે. એરલાઈન્સ કંપનીઓએ મુસાફરોની સુવિધા માટે રી-શેડયુલ અને પુરતા રિફંડની સુવિધા પુરી પાડવાની જાહેરાત કરી છે.




સૌરાષ્ટ્રના રાજકોટ આસપાસનાં જિલ્લાઓમાં કેશોદ સહિતના એરપોર્ટ બંધ થતાં હવાઈ મુસાફરો ટ્રેન અને અન્ય પરિવહન તરફ વળ્યા છે. રાજકોટનું એરપોર્ટ વધુ પાંચ દિવસ બંધ થતા અનેક મુસાફરો અમદાવાદ એરપોર્ટ તરફ દોડયા છે તો અમુક મુસાફરોએ દિલ્હી, મુંબઈ જવા ટ્રેનની પસંદગી કરતા ટ્રેનોના ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે.

એરપોર્ટ ઓથોરીટીએ આગામી તા. ૧૫નાં રોજ સવારના ૫.૩૦ કલાક સુધી સતાવારી રીતે રાજકોટ એરપોર્ટ બંધ રાખવાની જાહેરાત કરી છે. એરપોર્ટ માત્ર મિલિટ્રી સેવા માટે ૨૪ કલાક ખુલ્લુ રહેશે.